Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED. No. B. 156.

શ્રી

# જૈન ધર્મ પ્રકાશ.

પુસ્તક ૩૯ મું.
અંક ૧૧ મો.

ભાદ્ર.
સંવત ૧૯૮૦

## अनुक्रमणिका.


૧ બ્રહ્મચર્યની શ્રેષ્ઠતા. (પદ્ય) ૩૨૯
૨ પ્રસ્તાવિક ઉપદેશ. (પદ્ય) ૩૩૦
૩ સદુપદેશ-અંતરલાપિકા. (મણીલાલ કસ્તુરચંદ) ૩૩૧
૪ સદ્દગુરૂ પ્રાર્થનાષ્ટક. ૩૩૨
૫ પ્રવીણતા. (ભીખાભાઇ છગનલાલ) ૩૩૨
૬ શ્રી કેળવણી. પાઠ. ૫ (સ. ક. વિ.) ૩૩૩
૭-૮ શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી પદ ૨૫-૨૬ મું.
વ્યાખ્યાના લેખક સ. ક. વિ. ૩૩૯
૯ પ્રશ્નોત્તર. (પ્રશ્નકાર ડાહ્યાભાઇ મોતીચંદ) ૩૪૩
૧૦ પ્રશ્નોત્તર. (પ્રશ્નકાર જીવનલાલ અમરશી.) ૩૫૦
૧૧ ખરી જીવદયા કયાં છે ? (તંત્રી) ૩૫૨
૧૨ વિચારણા અને અવલોકન. (મૌક્તિક) ૩૫૩
૧૩ એજ્યુકેશન બોર્ડ અને વિદ્યાર્થી વર્ગ. (મોહનલાલ. ડી.
ચોકસી.) ૩૫૮
૧૪ આપણો હવે પછીનો માર્ગ. ,, ૩૬૦
૧૫ તત્ત્વાર્થનું રહસ્ય. વાર્તારૂપે. (ચીમનલાલ. દ. શાહ) ૩૬૨
૧૬ પુસ્તકો વિગેરેની પહોંચ. ૩૬૫
૧૭ શ્રી અંતરીક્ષજી મંદિરના કેસનો ચુકાદો. ૩૬૮


પ્રગટ કર્તા.
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂા. ૧-૮-૦
પોસ્ટેજ રૂા ૦-૪-૦

ભાવનગર–'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. [illegible] છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજાનું દેહ માનીને, સુર્વિલા બુદ્ધિમાં કીધી. ૬
અશુચિને શુચિ માને, ત્યજી વિવેક થઈ માતો;
સદા દુર્ગંધી કાયાને, ફરે છે રાત દિન ન્હાતો. ૭
અગર વિષ્ટા કે મૂતરમાં, પડેલો ચર્ણ તું જોવે;
ઘૃણાથી મોઢાં ચડાવીને, ઘસીને ખુબ તું ધોવે. ૮
રક્ત ને માંસના લોચા, જુએ તું શ્લેષ્મને જ્યારે;
ઢાંકીને નાક ને મોઢું, વમન કરી નાંખતો ત્યારે. ૯
હવે તું કામની આણા, અખંડ પાળે થઈ રાજી;
ઘૃણા તેં હર્ષથી છોડી, રહ્યો છે દેહમાં ગાજી. ૧૦
ઉતારી દેહ આગામી, નરકનાં દુઃખને તું જો;
વિસારી વાત વિષયોની, સહુ મળ આત્મનો તું ધો. ૧૧

## प्रस्तात्रिक उपदेश.

સાકર સમ મીઠી લગે, ખુશામદકી બાત;
હાલાહલ જૂઠી કહી, સુન વિકસત હૈ ગાત.
સુન વિકસત હૈ ગાત, બાત મોટાઈ ગાવે;
અવગુણ ઢાંક હજાર, ગુણી જન આપ કહાવે.
બડે બને હૈ સંત, જગતમેં ઘટમેં ઉનકે;
ઈશ પુનીતકી બાત, ગાત વિકસત હૈ સુનકે. ૧.
આપસેં આપ બડે બન બૈઠે જો, કૌન કહે ઉનમેં બડપન હૈ,
વિદ્યાકા ગર્વ ધરી મન ભીતર, ઉત્પથ માગ ગહે જડપન હૈ;
ભૂમ ગએ રણ ભીતર પીડ હૈ, કૌન કહે ઉનમેં ભડપન હૈ,
ચંચલ ચિત્ત ભયો નહીં થીર તો, કૌન કહે ઉનમેં ઘડપન હૈ. ૨.
જાકી બુદ્ધિ બાઉરી, દૌરે દુનિયા બીચ;
વાકો દીયા ફસાય હૈ, મોહરાયને ખીંચ. ૩.
દુનિયાકી બાજી સુની, ઝટ પીછે લગ જાય;
સત્ય બાત જાને નહીં, કૈસે સંત કહાય. ૪.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંત મહિમા જગતમેં, મુખસેં કહી ન જાય;
સુરપતિ નરપતિ મુનિપતિ, નિત ઉઠ લાગત પાય. ૫.
સંત વદન નિરખત સબે, તનમનકા સબ તાપ;
ચરણ છુત સબ જાત હૈ, કોટી જનમકા પાપ. ૬.
સંત બડે પરમારથી, પરમ ધાર્મિક હેતુ;
અભેદાન ઔ પરમ સુખ, સબ જીવન કો દેતુ. ૭.

# सद्‌पदेश–अंतरलापिका.

( સવૈયા )

દોલત દેખી દુનિયામાંહી, રાજી થાશો નહિ લગાર,
સીધો મારગ પકડો ભાઇ, ભાવે ભજજો જગદાધાર;
મન મજબુતે આતમ રાખો, શુભ મારગમાં તમે હમેશ,
નિયમ પાળો સુધર્મ કેરા, ચડતી થાશે સદા વિશેષ. ૧
લાજેણી જગ લાજ વધારો, મનુષ્ય જન્મ મળ્યો અમૂલ,
લહો સંપત્તિ સારી સરવે, શાસ્ત્રો શાખે થશે કબૂલ;
કરવાં કૃત્યો જગમાં રૂડાં, કાળ ચક્રનો ભય જાણી,
સદા પ્રભુનું સમરણ કરવું, મન વચ કાયા વશ આણી. ૨
તુરત તેનું ફળ સુમળશે, પ્રભુ દયાળુ જગદાધાર,
રજ નહીં રાખે કોનું શ્રમ ફળ, એહ કૃપાળુ જગકીરતાર;
ચંદ્ર સૂર્ય પ્રકાશ સુતપશે, સાચી રાખો પ્રભુની પત્ય,
દશે દિશામાં જયધ્વજ ફરકે, ધર્મતણાં મૂળ રૂડાં સત્ય. ૩
ઝીલો સમતા સાગરમાં સૌ, સંસારે સુખિયા થાવા,
જુઠ કપટને છોડો અહિંસા, આદિ દુરગુણો ચાવા;
વારંવાર કહું છું સાચે, મનુષ્ય ભવ મોંઘો જાણી,
ડાહપણ રાખો ડાહ્યા થાવા, મણિલાલ કહે શુભવાણી. ૪

દોસી. મનિલાલ કસતુરચંદ–ઝીંઝુવાડા
( જૈન પાઠશાળા માસ્તર–થરા )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સદ્ગુરુ–પ્રાર્થનાષ્ટક

(રાગ ગઝલ.)

મનોવૃત્તિ અમારી તો, ભટકતી મોહ અંધારે;
સમર્પી જ્ઞાનબિંદુને, ગુરૂજી તારજો મ્હારા. ૧
તમે સદ્ગુણના સ્વામી, અમે તો દોષના ગામી;
ઉદ્ધારી દોષસાગરથી, ગુરૂજી તારજો મ્હારા. ૨
તમે ઉપકારની વૃત્તિ, ધરી છે દીલ આ પ્રેમે;
કરી ઉપકાર દુનિયામાં, ગુરૂજી તારજો મ્હારા. ૩
હૃદયમાં તીવ્ર જીજ્ઞાસા, ભલું કરવા થવાની છે;
સદા સદ્બુદ્ધિ અર્પીને, ગુરૂજી તારજો મ્હારા. ૪
અમારા મિત્રમંડળને, કરીને કાંઈ કૃપા દૃષ્ટિ;
ઉતારી ભવ સાગરથી, ગુરૂજી તારજો મ્હારા. ૫
શાંત મૂર્તિ ગુરૂરાયા, અમે તસ શિષ્ય કહેવાયા;
નથી છુટતી ગુરૂ માયા, ગુરૂજી તારજો મ્હારા. ૬
સદા ગુરૂ પ્રેમની વૃષ્ટિ, કરો અમપર અમી દ્રષ્ટિ;
કાપો ત્રિતાપની કષ્ટિ, ગુરૂજી તારજો મ્હારા. ૭
ચંદ્ર સન્મુખ પેખીને, ચકોરી નેત્ર આનંદે;
પરમ ઉપકારી સહુ જગના, ગુરૂજી પદ મણિ વંદે. ૮

મનિલાલ કસ્તુરચંદ–ઝીંઝુવાડાવાળા.
જૈન પાઠશાળા માસ્તર–થરા

## પ્રવીણતા,

(લે.–શાહ ભીખાભાઇ છગનલાલ)

ગઝલ.

ઘણી મેં આચરી હિંસા, જીવન મેં જૂઠમાં ગાળ્યું;
કરી ચોરી ઘણી રીતે, વ્યભિચારે બધું બાળ્યું. ૧
નહિ કાપ્યા કષાયોને, વિદાર્યા નાહિં વિષયોને;
રહ્યો માયા મહિં રાચી, ગુમાવી સાધ્ય તક સાચી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યો દૂર દેવની સેવા, સ્મરણ પણ લેશના કીધું;
ધરી આજ્ઞા ગુરૂની ના, શ્રવણ પયપાન ના પીધું. ૩
રમ્યો સતસંગના રંગે, કદાપિ ના હું પાપી હા;
નિરંકુશ આખલા જેવી, સ્થિતિ આજે નભાવી હા. ૪
વિલાસો દિવ્ય ના દેખ્યા, વનિતા વિરતિ સંગે;
વિલાસ્યો હા કીચક કીડો, વનિતા ખ્યાલની સંગે. ૫
ગુમાવી જીંદગી આખી, રટણ કામિની કંચનમાં,
ઠગાવામાં પ્રવીણતા જ્હા ! લહી મેં આત્મવંચનમાં. ૬

# સ્ત્રી કેળવણી

( શેઠ અમરચંદ તલકચંદે તૈયાર કરાવેલ-તેમાં સુધારો વધારો
કરીને મોકલનાર સદ્‌ગુણાનુરાગી મુ. દ. વિ. )

## પાઠ ૧ લો.

સ્ત્રીકેળવણી એટલે સ્ત્રીઓને કેળવવી અથવા ભણાવવી તે. સ્ત્રીકેળવણી એ મથાળું વાંચીને આપણા ઘણા જૈન ભાઇઓ તો આશ્ચર્ય પામશે, કારણ કે જૈન કોમના પુરૂષોજ કેળવણીમાં પછાત છે, તો તેઓને ' સ્ત્રીકેળવણીની કિંમત શું છે ? તેથી કેવી જાતના ફાયદા થઇ શકે છે ?' વિગેરે સમજણ ક્યાંથી હોય ? ભાગ્યવશાત્ જૈનકોમ વ્યાપારમાં ફાવેલી છે; એટલે તેને કેળવણીમાં પછાત હોવાથી જે નુકશાન થાય છે તેની ખબર પડતી નથી, પરંતુ વિના કેળવણીએ જે નુકશાન થવું જોઇએ એ તો પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે થાય છેજ. ઘણા માણસો તો સ્ત્રીઓને ભણાવવી એ અકર્તવ્ય સમજે છે, છોકરીઓને ભણવા મોકલનાર ઉપર ચીડાય છે, ભણેલી સ્ત્રીને દેખી તેના ઉપર કંટાળો આણે છે અને તેવીનો કાંઇ અવગુણ જણાયો હોય તો. તે સંબંધી રજનું ગજ કરી મૂકે છે. કેટલાકને તો ભણેલી સ્ત્રી વંધ્યા રહે છે, દુર્ગુણી થાય છે, વહેલી મરી જાય છે, વહેલી રાંડે છે, એવા વહેમ હોય છે. તો આપણે પ્રથમ એ તપાસીએ કે સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય છે ? શાસ્ત્રકાર એમાં સંમત છે કે અસમંત છે? અને પૂર્વે એ રીતિ હતી કે નહિ?

હવે આપણે પ્રથમ એ તપાસીએ કે **સ્ત્રીઓને ભણાવવી એ કર્તવ્ય છે કે અકર્તવ્ય છે? સ્ત્રી એ એક ઘરનો અનુપમ શૃંગાર છે અને તેનાથી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આખું ઘર તથા તેમાં રહેનાર સર્વ જીવો શોભી નીકળે છે, તો જ્યારે એના અસ્તિત્વપણાથીજ ઘરને એટલી શોભા મળે છે, તો પછી તેનામાં વિદ્યારૂપી અમૂલ્ય રત્નનો ભંડાર ભરેલો હોય તો તેની શોભામાં શું બાકી રહે ? સોનું અને વળી સુગંધ હોય તો તેની કિંમત કેટલી બધી ઉમદા થાય ? લક્ષ્મીવાન્ અને વિદ્વાન્ હોય તો તેની કેટલી કિંમત ? ગુણસંપન્ન અને વિદ્વાન્ હોય તો તેનું કેટલું મૂલ્ય થાય ? વિગેરે અનેક વ્યવહારિક દ્રષ્ટાંતોથી સિદ્ધ થાય છે કે સ્ત્રીને કેળવણી આપવાની ખાસ અને ખરેખરી જરૂરીઆત છે. વળી એક વિદ્વાન્ માણસ લખે છે કે ' ગૃહસત્તાનો મુખ્ય આધાર સ્ત્રીકેળવણી ઉપરજ છે.' તે કેવી રીતે ? ત્યાં તે સમજાવે છે કે—એક વખત તે એક વિદ્વાન સ્ત્રી સાથે વાતો કરતો હતો, તેવામાં તેણે જણાવ્યું કે ' શીખવવાની જુદી જુદી રીતોમાં કાંઇ કમ નથી, તેથી તો રૈયતને જુદી જુદી જાતની કેળવણી મળે પણ તેને શું કરવું બાકી છે ? શેની ખામી છે ? તે કહો.'

તે સ્ત્રીએ જવાબ આપ્યો કે ' જનેતાઓની ' તે વિદ્વાન ચુપ થઇ ગયો. તેણે કહ્યું કે ' હા, ખરૂં એકજ શબ્દમાં કેળવણીની બધી પદ્ધતી આવી ગઇ. માટે સદાચાર બાંધવાનું પ્રથમ અને અતી અગત્યનું સ્થળ તે ઘરની સ્ત્રીજ છે અને તે વિદ્વાન-કેળવાયેલી હોય તો તેનો અને તેની સંતતી તમામનો જન્મ સફળ થાય છે, એ નિઃશંક છે.

**સાર**—સ્ત્રી ઉપર આખા ઘરનો બહુધા આધાર હોવાથી તેને સર્વ રીતે કેળવી કુશળ કરવાની ભારે જરૂર છે. સારી રીતે કેળવાયેલી સ્ત્રી ઘરની શોભારૂપ બને છે અને તેનાથી થતી સઘળી સંતતી સહેજે સુધરવા પામે છે. અન્યથા સંતતી સુધરવી મુશ્કેલ છે.

## પાઠ ૨ જો

આગલા પાઠમાં સ્ત્રીઓને કેળવણી આપવાથી શું લાભ થાય છે, અને ન આપવાથી શું નુકસાન થાય છે, તે વીષે સહેજ ઇસારો કરવામાં આવ્યો છે, હવે આ પાઠમાં તે બાબત વિશેષ વીવેચન કરવામાં આવશે.

આ જગતમાં પ્રાણીમાત્રમાં ચૈતન્ય ભાવ સરખો છે, તોપણ પશુપક્ષી વિગેરે પ્રાણીઓથી મનુષ્ય પ્રાણી ઉત્તમ ગણાય છે. એનું કારણ મનુષ્ય જ્ઞાન મેળવવાને અને એથી ખરૂં ખોટું પારખી ખોટું તજી ખરૂં આદરવા લાયક છે એમ સમજે છે. એ સિવાય બીજું કારણ જણાશે નહિ. જ્ઞાન એટલે સમજણ. જેનામાં જેટલી સમજણ વધારે તેટલી માનવજાતમાં તે ઉંચી પદવી ધરાવે છે. આપણે સર્વે વગડામાં અથવા ગામડામાં રહેનાર માણસ કરતાં શહેરના માણસને ઉત્તમ ગણીએ છીએ તેનું કારણ તેઓનું જ્ઞાનબળ વધારે એજ છે. શરીરબળમાં તો વગડાના અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામડાના રહેનારાઓ શહેરના મનુષ્યો કરતાં ચડે છે, તોપણ તેઓ શહેરી મનુષ્યોના જ્ઞાનબળને લીધે તેને વશ રહે છે. દરેક માણસોમાં ઓછું વધતું જ્ઞાન હોય છે, તેથી તેઓ પોતાના દરેક કાર્ય ઉપરથી અનુભવ લઈ પોતાના સુખ દુઃખની વાત એક બીજાને કરે છે; અને તે ઉપરથી જે રસ્તે વધારે સુખ મળે તે રસ્તે પ્રવર્તવા વધારે જ્ઞાનવાળાની મતિથી પ્રયત્ન કરે છે. ઉમર પરત્વે જોઇએ તો બાળકને આપણે પશુ બરાબર કહીએ છીએ, તેનું કારણ એટલુંજ કે તે સમયે તેનામાં કાંઈ જ્ઞાન હોતું નથી. જેમ જેમ તે મોટું થતું જાય છે અને તેનું જ્ઞાન વધતું જાય છે તેમ તેમ તે માણસમાં ગણાતું જાય છે. ધર્મ, દયા, શૌચ, દાન, પૂજા, તપ, પુણ્ય, પાપ, ક્રોધ, માન, માયા, લોભ વિગેરે શબ્દોના સ્વરૂપ માણસ પોતાની ઓછી વધતી જ્ઞાનશકિતના પ્રમાણમાં સમજે છે અને તે ઉપરથી જે આદરવાનાં કાર્ય હોય, તેમાં પોતાનું આચરણ કરે છે અને બીજા છોડી દે છે. ખુન, ચોરી, મારામારી વિગેરે ગુન્હાનાં કૃત્યો ઘણું કરી અજ્ઞાન માણસોજ કરનારા નીકળશે, કારણકે જ્ઞાનવાન તો તેથી રાજાનો આ ભવમાં અને પાપનો દંડ પરભવમાં ભોગવવો પડશે એમ જાણી શકે છે. પશુયોનિમાં જન્મ પામનાર પણ જ્ઞાનના યોગથી ઉંચ ગતિમાં જવા પામે છે; તો માણસ જાતને જ્ઞાનપ્રાપ્તિથી વધારે ઉત્તમતા પ્રાપ્ત થાય એમાં શી નવાઈ! પોપટાદિ પશુઓને કોઇ શ્રમ લઇ જરા ભણાવે છે તો તેઓ મીઠાશ ભરેલું બોલતાં શીખે છે અને તે સાંભળી સર્વે ખુશી થાય છે. તેના ઉપર એક વિદ્વાન માણસે કહ્યું છે કે—

सद्विद्या यदि का चिंता, वराकोदरपूरणे ।
शुकोऽप्यशनमाप्नोति, भगवानिति ब्रुवन् ॥१॥

અર્થ—જો સદ્વિદ્યા હોય તો નાનું સરખું પેટ ભરવાની શી ચિંતા છે? પોપટ પણ ભગવંત એટલો શબ્દ બોલે છે તો ખાવાનું સુખેથી પ્રાપ્ત કરે છે. માટે કેળવણી લેવાથી સર્વને લાભજ છે એમ જાણી સ્ત્રીઓને અવશ્ય કેળવણી આપવી જોઇએ.

**સાર**—જડ જેવી વસ્તુને પણ યથાવિધિ કેળવવાથી તે ઉત્તમતા પામે છે, તો પછી સચેતન–આત્માને યથાર્થ કેળવણી મળવાથી તેનામાં ઉત્તમ ગુણનો વિકાસ થવા પામે એમાં આશ્ચર્ય જેવું શું છે?

### પાઠ ૩ જો.

વળી સ્ત્રીજાતને કેળવણી આપવાનું ઘણું અગત્યનું કારણ એ છે કે જે ઘરની તે ગૃહિણી હોય છે તે ઘરના તમામ અંગભૂતોને રાત્રીદિવસ તે સ્ત્રીની છાયાતળે રહેવાનો પ્રસંગ આવે છે અને તેથી તે સર્વ કુટુંબીઓને આખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિરંતર જે લક્ષણોના સંસ્કાર જડીભૂત થાય છે, અને તેઓના મોતની સાથેજ બંધ પડે છે, તે લક્ષણોનો જન્મ જે ઘરમાં તેઓ ઉછરે છે ત્યાંજ થાય છે. લોકોમાં એક સાધારણ કહેવત ચાલે છે કે ‘ વિદ્યાથી વધતો વિવેક છે. ’ ‘ વિવેક દશમો નિધિ છે.’ અને ‘ મન ઉપરથી માણસ થાય છે.’ પણ એ ત્રણ નીતિવચનો કરતાં એક વધારે મજબૂત નીતિવચન એછે કે ‘ ઘર નરને બનાવે છે. ’ તેનું કારણ એ છે કે ઘરની કેળવણીથી માણસની રીતભાત અને મન બંને ઘડાય છે, એટલુંજ નહિ પણ તેના લક્ષણ પણ ત્યાંજ બને છે, હૃદયકમલ પ્રફુલ્લિત થાય છે, ટેવોનું બંધારણ થાય છે, બુદ્ધિના અંકુરો ફુટે છે, અને ભલા કે ભુંડાને વાસ્તે આચરણ રચાય છે. મુખ્યત્વે કરીને બાળક જ્યાં જન્મે છે તે ઘરમાંજ જનમંડળને કાબુમાં રાખનારાં ધોરણો અને નીતિવચનો ગૃહગિરિના મૂળમાંથી નીકળે છે. પછી તે મૂળ નિર્મળ હો વા મલિન હો. સરકારના કાયદા કાનુનો પણ ગૃહસૂર્યના પ્રતિબિંબ છે. બચપણમાં આપણે હોઇએ, તે વેળાએ આપણા ખાનગી સંસારમાં આપણા મન ઉપર જે જે વિચારોના સૂક્ષ્મ અંકુરો માત્ર ઉગ્યા હોય, તે પછીથી દુનિયામાં દેખા દે છે. તે પછી જગતનો જાહેર મત કેળવાય છે. કારણ કે બાળગૃહમાંથી પ્રજાનો પાક ઉતરે છે અને જેમના હાથમાં બાળકોને ચાલતાં શીખવવાની દોરી હોય છે, તેઓ તો રાજ્યની ખાસી લગામ ઝાલનારા કરતાં પણ વધારે સત્તા ચલાવી શકે છે.

અ હા હા ! ! ! જનેતાઓને ઉમદા કેળવણી આપવાનાં કેવાં ફળ છે ? મનુષ્યોની રહેણી કહેણી ઉપર તેઓ કેવી મજબુત છાપ પાડી શકે છે ? માટે વાંચકો સ્ત્રીકેળવણીની અવશ્ય બહુ જરૂર છે.

**સાર**—આ રીતે સ્ત્રીકેળવણી કેટલી બધી મહુત્વની છે તેનો ખ્યાલ વાંચનારા ભાઇબ્હેનોને સારી રીતે આવી શકે તો તેઓ સ્ત્રીકેળવણીના હીમાયતી બની સ્ત્રીકેળવણીને પુષ્ટિ આપવા પાછી પાની કેમજ કરે ?

### પાઠ ૪ થો.

આ જગતમાં દરેક પુરૂષને તેમજ સ્ત્રીને કેળવણી લેવાનો હક છે અને તે પ્રમાણે તેઓ લે છે, પણ વિશેષે કરીને પુરૂષકેળવણીથી જે જે લાભો થાય છે તેના કરતાં સ્ત્રીકેળવણીથી ઘણે દરજ્જે બીજા મોટા લાભ થાય છે અને પુરૂષને મોટા ઐશ્વર્યપદને પ્રાપ્ત કરાવનાર મૂળ કારણ સ્ત્રીજ છે, કારણ કે પુરૂષ જે ઘરમાં જન્મ લે છે તે ઘરમાં તે નાનપણથી પોતાની માતાના હાથતળે ઉછરે છે અને તેની જોરાવર અસર તેની કેળવણી ઉપર થયા વિના રહેતી નથી. તે દુનિયામાં નિરાધાર હાલતમાં દાખલ થાય છે અને કેળવણી તથા પોષણને માટે તેનો તમામ આધાર તેની આસપાસ જે મનુષ્યો હોય તેના ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહેલો હોય છે, અને આસપાસના માણસોમાં પોતાની જનનીની હાજરી પ્રથમ હોય છે. તેથી ખરેખરી પ્રથમ અસર તેની માતાની તેને થાય છે અને તેની માતામાં જે જે ગુણો હોય છે તેનો ખરેખરો ચિતાર તેના બાલવયના પુત્રમાં પડે છે. એમાં જરાએ આશ્ચર્ય નથી; કારણ કે આ સૃષ્ટિમાં હરેક વસ્તુનું બંધારણ અને સ્વભાવ ઘણું કરીને જે વસ્તુ તેની પાસે અને હમેશાં સહવાસમાં આવતી હોય તેના જેવાંજ થાય છે, અને એથી ઉલટા થતા હોય તો તે અપવાદરૂપ છે. વળી બાળક જ્યારે અણસમજુ સ્થિતિમાં હોય છે ત્યારે તેને બોલવાની કે સમજાવવાની શક્તિ નથી હોતી. તે વખતે તો તે ફક્ત પોતાની નજીક જે પદાર્થ આવે છે તેનાજ ગુણ કે અવગુણને ગ્રહણ કરે છે; અને 'કીટભ્રમરના ' ન્યાયે તે પદાર્થ જેવોજ બની રહે છે. તેમાં કાંઈ આશ્ચર્ય નથી. જ્યારે આવું છે 'ત્યારે નાના બાળક અને બાળકીઓને વિદ્વાન અને દેશના શંગાર બનાવવાને માટે પ્રથમ તેઓની માતાને સંગીન કેળવણી આપવાની ખાસ જરૂર છે; અને જ્યારે સંખ્યાબંધ માતાઓ કેળવણી પામેલી અને વિદ્વાન થશે ત્યારે તેઓના હાથ તળે ઉછરનાર છોકરાં પણ વિદ્વાન અને ડાહ્યા થશે. તેમાં જરાએ શંકા જેવું નથી, એટલા માટે ગમે તે ઉપાયો યોજી સ્ત્રીઓને કેળવણી આપો.

**સાર**—સહૃદય ભાઈબ્હેનોને હવે દીવાજેવું સ્પષ્ટ સમજાતું જોઇએ કે યથાર્થ રીતે સ્ત્રીઓને કેળવવાનો પ્રયત્ન કર્યા વગર સમાજનો ઉદ્ધાર થવો સંભવિત નથી. કહ્યું છે કે 'શાણી માતા સો શિક્ષકોની ગરજ સારે છે.' એ વાત હવે હૃદયમાં ઠસાવો.

## પાઠ ૫ મો.

શાસ્ત્રમાં જ્ઞાનની અધિકતા સ્થળે સ્થળે વર્ણવી છે. અને જ્ઞાન વિનાના મનુષ્યને પશુ સમાન ગણેલા છે. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

येषां न विद्या न तपो न दानं, ज्ञानं न शीलं न गुणो न धर्मः ॥
ते मर्त्यलोके भूमिभारभूता, मनुष्यरूपेण मृगाश्चरंति ॥

અર્થ—"જેઓનામાં વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ, અને ધર્મ નથી, તેઓ આ મૃત્યુલોકમાં પૃથ્વીને વિષે ભારભૂત થઈ મનુષ્યરૂપે મૃગો ચરે છે." અને તે ઉપરથી એમ સમજાય છે કે વિદ્યા વિનાના મનુષ્યને નીતિશાસ્ત્રકાર પશુસમાન કહે છે. વળી—

आहारनिद्राभयमैथुनं च, सामान्यमेतत् पशुभिर्नराणां ।
ज्ञानं नराणामधिको विशेषो, ज्ञानेन हीनाः पशुभिः समानाः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—'આહાર, નિદ્રા, ભય, મૈથુન, એ માણસો અને પશુમાં સરખા છે; પરંતુ માણસમાં જ્ઞાન અધિક છે, તેથી તેઓ ઉત્તમ ગણાય છે. માટે જ્ઞાન વિનાના મનુષ્યો પશુ સમાન છે. એવો આ શ્લોકનો ભાવાર્થ છે.

બીજા જે જે ગુણો છે તે સર્વ ગુણોમાં જ્ઞાન ગુણની આદ્યતા છે. "જ્ઞાન સકળ ગુણ મૂળ રે " એ **વિજય લક્ષ્મીસુરિનું** વચન પ્રસિદ્ધ છે. વિદ્યા ભણવાથી માણસને જ્ઞાનની કિંમત સમજાય છે, અને તે કયું જ્ઞાન ઉત્તમ છે તે સમજી શકે છે. પોતાની એવી સમજણશક્તિ થયે તેઓ ધર્મ–જ્ઞાન મેળવવાને વધારે લાયક થાય છે. માણસ પોતાનો જન્મ ગમે તેવી મોટાઇ અને ગમે તેવી શ્રીમંતાઇમાં ગાળે પણ જો ધર્મજ્ઞાન હોય નહિ તો એ સર્વ જન્મ વૃથા છે. તે મનુષ્યભવને લાયક કૃત્ય કરી શકે નહિ, અને મનુષ્યભવ હારી જાય. સિંદુર પ્રકરમાં કહ્યું છે કે—

मानुष्यं विफलं वदंति हृदयं व्यर्थं वृथा श्रोतयो-
र्निर्माणं गुणदोषभेदकलना तेषामसंभाविनी ॥
दुर्वारं नरकांधकूपपतनं मुक्तिं बुधा दुर्लभा
सर्वज्ञः समयो दयारसमयो येषां न कर्णातिथिः ॥१॥

અર્થ—'જે માણસને સર્વજ્ઞના દયારસમય સિદ્ધાંત કર્ણના અતિથિરૂપ થયા નથી, અર્થાત્ જેણે વીતરાગભાષિત સિદ્ધાંત શ્રવણ નથી કર્યા તેનો મનુષ્યજન્મ ડાહ્યા માણસો નિષ્ફળ કહે છે, તેનું હૃદય વ્યર્થ કહે છે, તેના કાનનું નિર્માણ વૃથા કહે છે, તેઓનામાં ગુણ અને દોષનો ભેદ સમજવાની શક્તિનો અસંભવ ગણે છે, તેઓને નરકના અંધકૂપમાં પડવાનું દુઃખે વારી શકાય તેવું કરે છે અને તેઓને મોક્ષની પ્રાપ્તિ પણ દુર્લભ કહે છે.'

માટે એવા નીતિશાસ્ત્રના વચનોથી સિદ્ધ થાય છે કે જ્ઞાન વિના બધું ખોટું છે અને જ્ઞાનથી સર્વ વસ્તુ સિદ્ધ થાય છે.

**સાર**—શાસ્ત્રકાર કહે છે કે 'પહેલું જ્ઞાન અને પછી દયા' કેમકે દયા અથવા અહિંસાનું સ્વરૂપ જ્ઞાનથીજ યથાર્થ જણાય (સમજાય) છે. તે વગર આડું અવળું વેતરાઈ જાય છે. યથાર્થ જ્ઞાન–સમજથીજ શ્રદ્ધા થવા પામે છે, અને આચરણ પણ શુદ્ધ–નિર્મળ થવા પામે છે. ઉક્ત રત્નત્રયીના સુયોગથીજ સકળ કર્મના ક્ષયરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે, માટે તેમાંજ અતિ આદર કરવો ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી પદ ૨૫ મું.

### રાગ ટોડી

પ્રીતમ પ્રીતમ પ્રીતમ પ્રીતમ, પ્રીતમ પ્રીતમ કરતી મેં હારી.
પ્રીતમ૦ એ આંકણી.
એસેં નિઠુર ભયે તુમ કૈસેં, અજ હું ન લીની ખબર હમારી;
કવણુ ભાત તુમ રીઝત મોપેં, લખ ન પરત ગતિ રંચ તિહારી.
પ્રીતમ૦ ૧
મગન ભયે નિત્ય મોહસુતા સંગ, બિચરત હો સ્વચ્છંદવિહારી;
પણ ઇણ વાતનમેં સુણ વાલમ, શોભા નહીં જગમાંહી
તિહારી. પ્રીતમ૦ ૨.
જો એ વાત તાત મમ સુણીએ, મોહરાયકી કરીહે ખુવારી;
મમ પીયર પરિવારકે આગળ, કુમતા કહા તે રંક બિચારી.
પ્રીતમ૦ ૩
કોટિ જતન કરી પોવત નિશદિન, ઉજરી ન હોવત કામર કારી;
તિમ એ સાચી શીખામણ મનમાં, ધારત નાંહી નેક અનારી.
પ્રીતમ૦ ૪
કહત વિવેક સુમતિ સુણ જિમતિમ, આતુર હોય ન બોલત પ્યારી;
ચિદાનંદ નિજ ઘર આવેંગે, દોયદિનોમેં ઉમ્મર સારી.
પ્રીતમ૦ ૫

### વ્યાખ્યા.

ભાવાર્થ--કુમતિને વશ થઇ પડેલ પોતાના પ્રાણપ્રિય પતિ ચેતનને સુમતિ વરહાનળથી દગ્ધ છતી ઠપકો દેતી કહે છે કે--પ્રાણનાથ-પ્રિયતમનું નામ રટણ કરતી અને વિરહાનળથી દાઝી છતી વારંવાર વ્હાલેશ્વરનું નામ ઉચ્ચારતી ઉચ્ચારતી હું થાકી ગઇ, તેમ છતાં અદ્યાપિ પર્યંત મારી ખબર લીધી નથી. એવા આપ કઠોર દીલના કેમ થયા છો ? આપ મારા ઉપર શી રીતે રીઝો ( પ્રસન્ન થાઓ ) એની મને લગારે ગમ પડતી નથી, તેથી મનમાં ઘણી મુંઝવણ થાય છે. તેનો શો ઉપાય કરવો ? ૧

આપ સદાય કુમતિના સંગમાં મગ્ન બની રહી સ્વેચ્છા મુજબ મ્હાલો છો, અમન ચમન ઉડાવો છો-રંગરાજમાં રાતા રહો છો, પરંતુ પ્રિયતમ ! હું આપને સાચું કહું છું કે એમાં આપની શોભાનથી-ઉલટી હલકાઇ થવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પામે છે. પછી આપ તે માનો કે ન માનો, પતિવ્રતા તરીકે આપને હું એ વાત નિવેદન કરી છુટું છું. ૨

આપ કુમતિનો પરિચય કરી આપની પાયમાલી કરી રહ્યા છો એ વાતની મારા જનક (પિતા) ધર્મરાજાને ખબર પડશે તો તે મોહરાજા-નીજ ખુવારી કરશે એટલે તેનો નાશ કરશે. મારા પીઅરીયા-ધર્મ મહારાજના પરિવાર આગળ તે રાંકડી કુમતિનું શું જોર ચાલવાનું હતું ? તે બાપડીને ભાગતાં ભોં ભારે થઈ પડશે, પણ આપ સમજીને તેનો સંગ તજી ઘો તો બહુ સારૂં થાય. ૩

કાળી કામળને ગમે તેટલા મરી મથીને-સેંકડો ઉપાયથી ધોવે-ધોયા કરે તો પણ તે કદાપિ ઉજળી થાય નહીંજ. તેમ હું ગમે એટલી અંતરની લાગણીથી આપનું હિત ઇચ્છીને સાચી સલાહ આપવા મન કરૂં છું પણ તેને તલમાત્ર પણ આપ દીલમાં ધારતા નથી, આટલી બધી હઠ-ઉંધાઇ કરવી આપને ઘટે નહીં-શોભે નહીં. ૪

ચેતન-ચેતનાનો હિત મિત્ર વિવેક સુમતિને સમજાવે છે કે વ્હાલી બ્હેન ! તુ ધીરજ રાખ-અતિ ઉતાવળી થઇને તારા પતિને જેમ તેમ ઠપકાભર્યાં વેણ ન બોલ. તારે વધારે બોલવાની જરૂરજ નહીં રહે. થોડા વખતમાં તારા પ્રિય પતિ ચેતનરાય તારા મંદિરમાં જરૂર આવશે અને પછી કાયમ રહેશે. મારાં હિત વચનમાં વિશ્વાસ લાવીને વ્હાલી બેન ! તું ધીરી થા અને મારૂં વચન સફળ થાય એવી ભાવના દીલમાં ધારી રાખ. પતિવિરહ તારી જેવી પતિવ્રતા બ્હેનને વધારે સાલે એ સ્વાભાવિક છે, પણ મને ખાત્રી છે કે તારા પ્રાણનાથ હવે તને વેલાસર મળશે અને તારૂં કાયમનું દુઃખ ટળી જશે. ૫.

સારબોધ-અનાદિ કાળથી ચેતન મોહની લાડકવાયી પુત્રી કુમતિના ફંદમાં ફસાઇ પોતાની ખરાબી કરી રહ્યો છે. મન અને ઇન્દ્રિઓને મોકળા મૂકી, સ્વચ્છંદ વર્તનથી વિવેકભ્રષ્ટ બની રહ્યો છે. વિવિધ વિષયોમાં મ્હાલતો સાંઢ પેરે સૌને તુચ્છ ગણે છે; પરંતુ અંતે અનેક પ્રકારની વિડંબના પામી દુઃખી થાય છે. ક્રોધાદિક કષાયથી અંધ બની ન કરવાના કામ કરે છે, ને ન બોલવાના બોલ બોલે છે, પાપનો કે પરભવનો ડર રાખતો નથી, એથીજ જીવની અધોગતિ થયાં કરે છે. તેમાં કુટાતાં પીટાતાં કટવા અનુભવ કરતાં કોઇ વખતે જ્ઞાની ગુરૂનો ભેટો થતાં, તેમનો સદુપદેશ લાગવાથી તેને ધર્મ ઉપર પ્રીતિ લાગે છે, એટલે વિષયાંધતા તજી કલ્યાણમિત્ર વિવેકની સોબત કરે છે. તેથી તેનામાં કંઇક પાત્રતા આવે છે, એટલે ધર્મરાજાની વ્હાલી પુત્રી સુમતિ તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વરે છે. આહીંથી તેનો ભાગ્યોદય ઠીક થવા માંડે છે. તેનું એકાન્ત હિત-શ્રેય ઇચ્છનારી સુમતિ અહોનિશ તેને સારી સલાહ આપે છે, તેથી અનુક્રમે ચેતન ધર્મના પાયા જેવી મૈત્રી, મુદિતા, કરૂણા ને મધ્યસ્થતા રૂપ ચાર ભાવનાને મનમાં દ્રઢ સ્થાપી, યથાશક્તિ તપ જપ વ્રત નિયમનું સેવન પાલન કરવા તત્પર થાય છે. પૂર્વે સ્વચ્છંદાચરણથી મન વચન કાયામાં જે મલીનતા કરી હતી તે હવે ટાળીને પવિત્રતા દાખલ કરી સહજાનંદમાં મગ્ન રહી શકે છે. સંયમ યોગે એ બધું શકય થાય છે. ઇતિશમ્ ( સ. ક. વિ. )

## ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી પદ ૨૬ મું.

( રાગ આશાવરી તથા ગોડી. )

અબધુ નિરપક્ષ વિરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઇ, અબધુ૦ એ આંકણી.
સમરસભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઇ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેગેં નર સોઈ. અબધુ૦૧
રાયરંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહીં પરિચય, તો શિવમંદિર દેખે. અબધુ૦૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને, હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અબધુ૦૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડ પરે નિત્ય, સુરગિરિ સમ શુચિ ધીરા. અબધુ૦૪
પંકજ નામ ધરાય પંકશું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઇશ્યા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા. અબધુ૦૫

### વ્યાખ્યા

**ભાવાર્થ**—સર્વત્ર ઢુંઢી જોયું તો નિરાળા-નિઃસ્પૃહી સંત સુસાધુજનો કોઇ વિરલાજ દીસે છે. જેમનું અંતર સમતારસથી ભીનું રહે છે, તેથીજ જે ખંડન મંડનની ધાંધલમાં પડતાજ નથી. દ્રઢ વૈરાગ્યયોગે એવી નિરૂપયોગી અથવા અલ્પ ઉપયોગી વાતથી પોતે ઉદાસીન યા મધ્યસ્થ રહે છે. તેવા સંત સાધુ જનો અવિનાશી પરમાત્માના ઘરની વાતો જાણી શકે છે. તેવા સમભાવી મહાત્માઓજ પરમાત્માના સ્વરૂપને તથા તેમની પવિત્ર આજ્ઞાઓને યથાર્થ સમજવા, સદ્દહવા ને આચરવા ખરા અધિકારી (પાત્ર) હોઇ શકે છે. ૧.

જે સંત જનો રાજા તથા રંકને પક્ષપાત રહિત સમાન ભાવથી જોવે છે, તેમના વચ્ચે ભેદભાવ રાખ્યા વગર હિતોપદેશ આપે છે, સોનાને અને પથ્થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રને સમાન લેખવે છે. એટલે ગમે તેવી કિંમતી ચીજ ઉપર લલચાતા નથી પણ તેની ઉપેક્ષા કરેછે, તેમજ જે કાળી નાગણ્ સમી વિષય વિકારથી ભરેલી નારીનો સંગ-પ્રસંગ કે વિશ્વાસ કરતા નથી, તેવા ખડ્ગધારા કઠણ વ્રતને પાળનારાજ મોક્ષના અધિકારી બને છે, તેમનેજ અક્ષય સુખ લાભી શકે છે. ૨

સ્વનિંદા કે સ્તુતિ થતી શ્રવણે સુણીને જે હર્ષ-શોકને ધારતા નથી, પણ કેવળ નિજસ્વરૂપમાં રમણતા કર્યા કરે છે. એવા સાચા યોગીશ્વરો સદા ચઢતા પરિણામે ગુણશ્રેણિમાં આગળ વધે છે. એવા સંતજનોજ સ્વપરને તારી શકે છે. ૩

જેઓ ચંદ્ર સમી શીતળતાને પ્રસારે છે, સાગર સમી ગંભીરતાને ધારે છે, સંયમનું પાલન કરવામાં ભારંડસરખી સાવધાનતા રાખે છે, તેમજ મેરૂ પર્વત સમી પવિત્રતાને-નિશ્ચળતાને સદાય આદરે છે. ૪

જેમ પંકજ નામધારી કમળ જળ કાદવથી ન્યારૂં રહે છે, તેનાથી લેપાતું નથી તેમ જે સંત-સુસાધુ જનો વિષયભોગથી નિર્લેપ રહે છે, વિષય-લાલચાથી ખરડાતા નથી, વિષયવાસનાને હઠાવી-દૂર કરી, રત્નત્રયીનું અખંડ આરાધન કરે છે, તેવા સ્વરૂપ-રમણી મહાત્માઓ પરમાત્મપદને પામી શકે છે. ૫

**સારબોધ**—ખરૂં સાધુપણું કેવું હોવું જોઇએ ? અને તેનું યથાર્થ પાલન કરવામાં કેવી પાત્રતા ને સાવધાનતા જોઇએ ? તેનું ચિત્ર ઉપલા પદમાં આપીને આજકાલ સાધુમાર્ગમાં વ્યાપી રહેલી શિથિલતા અથવા પ્રમાદાચરણને દૂર કરવા આત્માર્થી સજ્જનોનું લક્ષ્ય ખેંચવામાં આવ્યું છે. જોકે પૂર્વ પુરૂષોની હોડ કરે એવું વિશુદ્ધ ચારિત્ર અપ્રમત્તભાવે પાળનાર અત્યારે કોઈ ભાગ્યેજ મળે છે, પરંતુ એવી શુદ્ધ ભાવના દીલમાં ધારી રાખીને તદનુસાર યથાશક્તિ સંયમનો ખપ કરવામાં આવે તો પણ તેથી સ્વપરને લાભ થવા સંભવ રહે છે. કેમકે **ઉપદેશમાળા**દિકમાં શુદ્ધ સંવિજ્ઞપણું (સાધુપણું) જો પળી ન શકે તો સાધુપણાનો દંભ ( ખોટો ડોળ-ડિમાક ) તજી નિર્દંભ-નિષ્કપટપણે સરલતાથી સાધુ લિંગ (વેષ) ને મૂકી, યથાયોગ્ય સ્થળે, ગૃહસ્થ-યોગ્ય વ્રત નિયમોનું સારી રીતે પાલન કરવા ખપી થવાનું અથવા એ લિંગ-વેષ તજી નજ શકાય તો રાખીને પણ પોતાના છતા દોષને ગોપવવા નબળો પ્રયત્ન નહીં કરતાં, શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરવા સાથે શુદ્ધ સંવિજ્ઞ ( સાધુ ) જનોની સેવા-ભકિત કિંકરની પેરે કરવાનું, લઘુ દીક્ષિત સાધુને પોતે ગમે તેટલા મોટા દીક્ષા પર્યાયનો હોય તેમ છતાં પ્રેમોલ્લાસથી વાંદવાનું, પણ પોતાને નહીં વંદાવવાનું ફરમાવ્યું છે. માન મૂકીને એ રીતે સંવિજ્ઞપક્ષીપણું આદરીને સમયોચિત જયણા પાળનારા ખપી જીવો સ્વહિત સાધી શકે છે. ઇતિશમ્. ( સ. ક. વિ. )

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તર.

( પ્રશ્નકાર-શા ડાહ્યાભાઇ મોતીચંદ-ઓરપાડ )

પ્રશ્ન ૧–નંદાવર્ત્તનો સ્વસ્તિક કરવામાં આવે છે એ શું છે ? અને તે શું સૂચવે છે ? શ્રી અરનાથનું લંચ્છન નંદાવર્ત્તનું કહ્યું છે તે એજ કે બીજું ?

ઉત્તર–નંદાવર્ત્ત અષ્ટમંગળિક ગણાતા પદાર્થો પૈકી એક છે. તેના ચાર વિભાગ છે. ચારે બાજુ નંદ એટલે નવ નવ ખુણા અથવા આવર્ત્ત છે. ૨૧ ચોકડીઓ સામસામી કરીને તે કાઢવામાં આવે છે. માંગળિક સૂચક છે. શ્રી અરનાથજીને નંદાવર્ત્તનું લંચ્છન અથવા ચિન્હ છે તે એનુંજ છે.

પ્રશ્ન ૨–પાક્ષિકસૂત્ર પાક્ષિકાદિક પ્રતિક્રમણોમાં કહેવામાં આવે છે તેની અંદર શું અધિકાર છે ? તેના કર્ત્તા કોણ છે ? કયારે બનાવેલ છે ? સર્વ ગચ્છવાળાઓને તે માન્ય છે ? તે સૂત્ર સાધુઓ બોલતા હોય ત્યારે શ્રાવકોએ શું ચિંતવવું ?

ઉત્તર–પાક્ષિકસૂત્રમાં મુનિઓના પાંચ મહાવ્રતોનું અને છઠ્ઠા રાત્રીભોજન ત્યાગરૂપ વ્રતનું વર્ણન છે. તેના અતિચારોનું સવિસ્તર આલોચન છે. ત્યારબાદ સૂત્રોનું વર્ણન ને તેના પઠનપાઠનાદિ સંબંધી અધિકાર છે. વિશેષ જાણવાના ઇચ્છક માટે તે સૂત્ર હાલમાંજ અમે અર્થ સાથે છપાવેલ છે.

તેના કર્તા પૂર્વાચાર્ય છે. કયારે કરેલ છે તે કહી શકાય તેમ નથી. પ્રાયે સર્વ ગચ્છવાળાને તે માન્ય છે.

સાધુમુનિરાજ તે કહેતા હોય ત્યારે શ્રાવકે તે શુદ્ધ ભાવથી શ્રવણ કરવું અને મુનિધર્મની અનુમોદના કરવી.

પ્રશ્ન ૩–નવકારવાળી ગણુતી વખતે તેના ગણનારે દષ્ટિ કયાં રાખવી ? આ બાબત શાસ્ત્રાધાર સાથે જણાવશો.

ઉત્તર–નવકારવાળી ગણુતી વખતે દૃષ્ટિ પોતાની નાસિકા ઉપર સ્થિર કરવી અથવા સામે બીરાજેલા જિનબિંબ કે ગુરૂમૂર્તિની આડે કોઇ ઉતરે એમ ન હોય તો તેમના ઉપર સ્થિર કરવી. આ સંબંધમાં હિતશિક્ષાના રાસમાં, શ્રાદ્ધવિધિમાં અને વિવેકવિલાસાદિ અનેક ગ્રંથમાં હકીકત આપેલી છે.

પ્રશ્ન ૪–પ્રતિક્રમણાદિકમાં દેવ વાંદતાં ચાર સ્તુતિ બોલતાં પહેલી અને છેલ્લી સ્તુતિના પ્રારંભમાં નમોર્હત્‌૦ બોલાય છે અને વચ્ચેની બેમાં બોલતાં નથી તેનું શું કારણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર—સામાયિક ને પૌષધ પારતી વખતે ખમાસમણુ દઈ ગુરૂ પાસે તે પારવાનો આદેશ માગે છે, ત્યારે ગુરૂ કહે છે કે-**पुणरवि कायव्वो**-' ફરીને કર' -એટલે શ્રાવક કહે છે કે **यथाशक्ति** એટલે શકિત પ્રમાણે કરેલ છે. પછી બીજું ખમાસમણુ દઇને પાર્યાનું નિવેદન કરે છે એટલે ગુરૂ કહે છે કે-**आयारो न मोत्तव्वो**- 'કરવાનો આચાર મૂકીશ નહીં. 'એટલે શ્રાવક **तहत्ति** કહીને તે વાત સ્વીકારે છે.

પ્રશ્ન ૧૫—**सागरचंदो**-સૂત્રમાં શું કહ્યું છે?

ઉત્તર—તેના અર્થ વિચારતાં પ્રગટ સમજી શકાય તેમ છે કે અખંડ પોસહ કરવાની પ્રવૃત્તિવાળા ઉત્તમ જીવોનું તેની બે ગાથામાં અનુમોદન છે.

પ્રશ્ન ૧૬—સંથારા પોરિસિ સર્વ ગચ્છવાળાને માન્ય છે? અને તે કોણે બનાવેલી છે? તેમાં શું ભાવાર્થ છે?

ઉત્તર--પ્રાયે સર્વ ગચ્છવાળાને તે પ્રમાણુ છે. પૂર્વાચાર્ય કૃત છે. તેમાં શું ભાવ છે તે અર્થ વાંચતાં સમજી શકાય તેમ છે.

પ્રશ્ન ૧૭–નવકાર મહામંત્રમાં પ્રથમ અરિહંતને નમસ્કાર કરીને પછી સિદ્ધને કેમ નમસ્કાર કર્યો છે? સિદ્ધ તો અરિહંત કરતાં ઉચ્ચ સ્થાને વર્ત્તે છે. જો ચઢતા ક્રમની ખાતર હોય તો તો સાધુ પહેલા જોઈએ.

ઉત્તર-ઉપકારક અરિહંત હોવાથી તેમને પ્રથમ નમસ્કાર કર્યો છે, અને ક્રમ તો દેવ ગુરૂનો રાખ્યો છે. પ્રથમ બે પદથી દેવને અને પછીના ત્રણ પદથી ગુરૂને નમસ્કાર કરેલ છે.

પ્રશ્ન ૧૮–આપણામાં આસન કેટલા પ્રકારના કહ્યા છે? અન્ય દર્શનીઓ ૮૪ કહે છે, તેની સાથે આપણે સંબંધ છે?

ઉત્તર-આસનનો વિષય યોગાભ્યાસીનો છે. તેને માટે યોગાભ્યાસી મુનિ કે શ્રાવકને મળવું. અન્ય દર્શનીઓ જે કામના ૮૪ આસન કહે છે તે આપણે સ્વીકરણીય નથી, યોગના આસન માન્ય છે.

પ્રશ્ન ૧૯–ચૌદ રાજલોક કેવી રીતે રહેલા છે? અને તેનું વર્ણન શેમાંથી જાણી શકે?

ઉત્તર-ચૌદ રાજલોક ઉપરાઉપર રહેલા છે. તેનું વર્ણન ખાસ લોકનાળિકા પ્રકરણમાં છે. ઉપરાંત લોકપ્રકાશ, ક્ષેત્રસમાસાદિકમાંથી પણ લક્ષ્ય થઇ શકે તેમ છે. ઉપરના ૭ રાજલોકમાં દેવ નિવાસ છે. મધ્યમાં તીરછોલોક છે. તેમાં મનુષ્ય તિર્યંચાદિનો નિવાસ છે, અને નીચેના ૭ રાજલોકમાં સાત નારકી વિગેરે છે.

પ્રશ્ન ૨૦–નિગોદના જીવ એટલે શું? અને તેમાં કયા જીવોનો સમાવેશ થાય છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર-એક શરીરમાં અનંતા જીવ હોય તે નિગોદ કહેવાય છે. તેના શરીરનું પ્રમાણ પણ અંગુળના અસંખ્યાતમાં ભાગનું છે. તેમાં બે પ્રકારના જીવોનો સમાવેશ છે. સુક્ષ્મ વનસ્પતિ કાય તે સુક્ષ્મ નિગોદ કહેવાય છે અને બીજા સાધારણ વનસ્પતિકાય કંદમૂળાદિ તે બાદર નિગોદ કહેવાય છે. સૂક્ષ્મ નિગોદ ચર્મચક્ષુને અદૃશ્ય છે અને બાદર નિગોદ ચર્મચક્ષુવડે દેખાય છે.

પ્રશ્ન ૨૧-સમુર્છિમ જીવો એટલે શું ? અને તેમાં હાલમાં પ્રચળિત એવા કયા જીવોનો સમાવેશ થાય છે ?

ઉત્તર--સંમુર્છિમ એટલે પુરૂષ સ્ત્રીના સંયોગ વિના-ગર્ભપણે રહ્યા વિના ઉત્પન્ન થયેલા તે, તેના બે પ્રકાર છે. સંમુર્છિમ તિર્યંચ અને સંમુર્છિમ મનુષ્ય. સંમુર્છિમ તિર્યંચ જળચર, સ્થળચર, ખેચર-એ ત્રણ પ્રકારના અથવા ઉરપરી ને ભુજપરી મળીને પાંચે પ્રકારના હોય છે. તેમના શરીર પણ મોટા હોય છે અને આયુષ્ય પણ મોટું હોય છે. સંમુર્છિમ મનુષ્ય તો મનુષ્યના વિષ્ટા, મુત્ર, શ્લેષ્મ વિગેરે અપવિત્ર વસ્તુઓ, શુક્ર, શોણિત, મૃત કલેવરાદિક ૧૪ સ્થાનકમાં ઉત્પન્ન થાય છે. તેઓનું શરીર અંગુળના અસંખ્યાતમા ભાગનું હોય છે, આયુષ્ય અંતર્મુહૂર્તનું હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાંજ મરણ પામે છે. તે ચર્મચક્ષુને અગ્રાહ્ય છે. વિષ્ટાદિકમાં બીજા બેઇંદ્રિય જીવો પણ પડે છે (ઉપજે છે) તે દેખાય છે.

પ્રશ્ન ૨૨-છદ્મસ્થપણું એ શબ્દ સાધુ માટેજ વપરાય કે શ્રાવક માટે પણ વપરાય ?

ઉત્તર--જ્યાં સુધી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી જીવ માત્ર છદ્મસ્થ કહેવાય. પણ એ શબ્દ બહોળતાએ મુનિમાટેજ વપરાય છે. તીર્થંકર પણ દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન ન પામે ત્યાં સુધી છદ્મસ્થ કહેવાય છે. શ્રાવકમાં પણ છદ્મસ્થપણું ઘટી શકે છે.

પ્રશ્ન ૨૩-શ્રાવકો પત્રમાં પરસ્પર 'જુહાર વાંચજો' લખે છે, તે જુહાર શબ્દનો અર્થ શું છે? અને 'ચાલો દેવ જુહારવા જઇએ' એમ કહે છે તેમાં જુહારવા શબ્દનો અર્થ શું છે ?

ઉત્તર—જુહાર શબ્દ પ્રણામવાચક છે, શ્રાવક પરસ્પર જુહાર શબ્દે પ્રણામ લખે છે. દેરાસર જુહારવા જઇએ એટલે દેરાસરને પ્રણામ કરવા-જિનબિંબના દર્શન કરવા જઇએ એ અર્થ સમજવો.

પ્રશ્ન ૨૪—યંત્ર ને મંત્રમાં શું ફેર છે ? તેના આરાધનથી કે જાપથી કાર્યસિદ્ધિ થાય છે ? કે ઝેર ઉતરે છે ? તેમાં રહેલી શબ્દરચના અન્ય ઉપર શી રીતે અસર કરે છે ? તેને માટે શાસ્ત્રીય પ્રમાણ છે ?

ઉત્તર—યંત્રમાં ઘણે ભાગે ખાના પાડીને અંકોજ મૂકેલા હોય છે. કોઈ

For Private And Personal Use Only

કોઈ ખાનામાં મંત્રાક્ષર પણ મૂકેલ હોય છે, અને મંત્રમાં અક્ષરરચનાજ હોય છે. પ્રાયે દરેક મંત્રના અધિષ્ઠાયક દેવ હોય છે. તેઓ અમુક અક્ષરરચનાથી પ્રતિબદ્ધ છે, એમ જ્ઞાનીઓએ શોધી કાઢેલ છે. કેટલાક મંત્રો અમુક દિવસ વિધિ વિધાન સાથે સાધવા પડે છે; અને કેટલાક મંત્રો તો પાઠસિદ્ધજ હોય છે. તેવા મંત્ર માત્ર ગણવાથીજ કાર્ય કરી આપે છે. સર્પ વિગેરે ઝેરી જંતુઓના વિષને ઉતારનારા મંત્ર તો હાલ પ્રગટ કાર્ય કરતા દેખાય છે. તેના મંત્રવાદીઓ કરડનારા સર્પને બોલાવી પણ શકે છે. અક્ષરની તેમજ અંકોની મેળવણીમાં ઘણી શક્તિ રહેલી છે. કેટલાક યંત્રો ત્રાંબાના, રૂપાના કે સોનાના પત્રા ઉપર લખેલા કે કોરેલા હોય છે, તેના ન્હવણ જળથી પણ કાર્યસિદ્ધિ થાય છે. અક્ષરોમાં ને અંકોમાં અચિંત્ય શક્તિ રહેલી છે. કાળ વિષમ હોવાથી ઘણાં મંત્રોના અધિષ્ઠાયકો તે મંત્રનો જાપ કર્યા છતાં આવતા નથી અને કાર્યસિદ્ધિ થતી નથી. તેમજ તેનો જાપ કરનાર પણ કેટલીક ખામીવાળા હોય છે, પરંતુ તે વિષય અશ્રદ્ધા કરવા જેવો નથી. કેટલાક ખાસ મંત્રને લગતા શાસ્ત્રો છે, પરંતુ તેની યોગ્ય આમ્નાય લભ્ય થતી ન હોવાથી તે મંત્રોથી કાર્યસિદ્ધિ થતી નથી. આ પ્રશ્ન ઘણો બહોળો છે, તેનો ઉત્તર ટુંકામાંજ લખ્યો છે.

પ્રશ્ન ૨૫—જૈનધર્મમાં ભૂત, ડાકિણી શાકિણી વિગેરેનું સ્વરૂપ કે સ્થાન બતાવેલ છે ? તેઓ મનુષ્યને લાભહાનિ કરી શકે છે ? તેમની માન્યતા કરવાથી મિથ્યાત્વ લાગે કે નહીં ?

ઉત્તર—ભૂતાદિક બધા વ્યંતર જાતિના દેવો છે. તેઓનું સ્થાન ચોકસ કહેલું છે, છતાં ઘણા ભુતાદિ વ્યંતરો રખડતા થઈ ગયેલા હોય છે. તેમને જ્ઞાન અલ્પ હોવાથી પોતાનું સ્થાન જડતું પણ નથી. એવા વ્યંતરો ઘણી વખત કેટલાક મનુષ્યોને-બહોળે ભાગે સ્રીઓને છળે છે, ઉપદ્રવ કરે છે. શાકિણી વ્યંતર પ્રવેશવાળી મનુષ્યણીને કહેવામાં આવે છે. તેઓ કેટલીક વખત અન્યના શરીરમાં પ્રવેશ કરીને બોલે છે, પણ તેનું બોલવું દરેક વખત વિશ્વાસપાત્ર હોતુ નથી, કેમકે તેને કાંઇ અસત્ય બોલવાનો નિયમ હોતો નથી. એવા દેવી દેવની માનતા કરવાથી મિથ્યાત્વ લાગેજ છે.

પ્રશ્ન ૨૬—શ્રી તત્ત્વાર્થાધિગમનું પ્રથમ સૂત્ર **सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः** એ છે; તેમાં જ્ઞાનની અગાઉ દર્શન કેમ મૂક્યું છે ? જ્ઞાન વિના દર્શન અથવા સમકિતની પ્રાપ્તિ શી રીતે થાય ? એમાં દર્શનનું જ્ઞાન કારણ છે કે જ્ઞાન દર્શનનું કારણ છે ? કર્તાનો આશય એ ક્રમ પ્રમાણે ત્રણ શબ્દો મૂકવામાં શું છે ?

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તર--જ્ઞાન અને દર્શનમાં પરસ્પર કાર્ય કારણ ભાવ રહેલો છે. જ્યાં સુધી દર્શન (સમકિત) પ્રાપ્ત થયેલ ન હોય ત્યાં સુધીનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય છે; તેમજ સમ્યગ્ દર્શન ને સમ્યગ્ જ્ઞાન સમકાળેજ પ્રાપ્ત થાય છે. સમકિત પ્રાપ્ત થતાંજ અજ્ઞાન મટીને જ્ઞાન કહેવાય છે. વળી આત્માના ગુણમાં સમકિતની મુખ્યતા છે, તે પ્રાપ્ત થતાંજ સંસાર પરિત થઇ જાય છે, તેનો વધારેમાં વધારે અર્ધપુદ્ગળાવર્ત સંસાર કહેવાય છે, પરંતુ તેટલું પરિભ્રમણ પણ કોઇ જીવજ કરે છે; ઘણા જીવો તો સમકિત પામ્યા પછી સ્વલ્પ કાળમાં મોક્ષે જાય છે.

પ્રશ્ન ૨૭–જીવના ભવી અને અભવી બે ભેદ કહેવાય છે, તે ક્યારથી પડ્યા? અને તેનો ભાવાર્થ શું છે? દુર્ભવીને ભવીમાં ગણવા કે અભવીમાં ગણવા? અત્યારે અભવી જીવ કોણ છે?

ઉત્તર--જે જીવો ધર્મની સામગ્રી પામીને પલટણ ભાવ પામે છે, સમકિતાદિ ગુણ મેળવી શકે છે, તે ભવી કહેવાય છે. અને જે જીવો ધર્મની મગ્રી પામ્યા છતાં પલટણ ભાવ પામતા નથી, સમકિત પ્રાપ્ત કરી શકતા નથી, તે અભવી કહેવાય છે. આ ભેદ અનાદિ કાળના છે. તે પણ તે જીવના પરિણામને લઇને કહેવામાં આવ્યા છે. તે બંને પ્રકારના જીવોના અસંખ્ય પ્રદેશમાં બીજો કાંઇ ભેદ નથી. દુર્ભવી ભવીમાં ગણાય છે. તે જીવ લાંબે કાળે પણ સિદ્ધિ પામનાર હોય છે. ભવી કોઈ પણ કાળે સિદ્ધિ પામે છે અને અભવી કોઈ પણ કાળે સિદ્ધિ પામતાજ નથી.

આ બે પ્રકાર ઉપરાંત એક ત્રીજો જાતિભવ્યનો પ્રકાર છે. તેનામાં ભવ્યતા છે, સામગ્રી મળે તો તેઓમાં પલટણ ભાવ છે, પરંતુ અનંતે કાળે પણ તેવા જીવો નિગોદમાંથી નીકળવાનાજ નથી અને સામગ્રી પામવાનાજ નથી. એમ જ્ઞાનીએ જોયેલું છે.

અત્યારે કોણ જીવ અભવ્ય છે? તે કહી શકાય નહિ. મહાવીર પરમાત્મા વિગેરેના શાસનમાં નવ અભવ્યો જાહેરમાં આવ્યા છે. કાળિક શૌકરિક (કસાઇ), કપિલા દાસી, કૃષ્ણનો પુત્ર પાલક, પાંચસે મુનિને પીલનાર પાલક, અંગારમર્દક આચાર્ય, ઉદાયિરાજાને મારનાર વિનયરત્ન, સંગમક દેવ, નોજીવ મતસ્થાપક ગોષ્ટામાહિલ વિગેરે.

પ્રશ્ન–૨૮ કલંકી વિષે તમારો શું અભિપ્રાય છે? તે થઇ ગયેલ છે કે થનાર છે? એક થનાર છે કે વધારે થનાર છે? અન્ય મતિઓ સાથે એના સંબંધી હકીકત મળતી આવે છે?

ઉત્તર–કલંકી થઇ ગયેલ તો જણાતો નથી. એના વિષેની હકીકત સંદિગ્ધતાવાળી છે. આપણામાં તો એકજ થનાર છે એમ કહેલ છે. તેના સંબંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન્ય મતિ સાથે મળતી હકીકત નથી.

પ્રશ્ન ૨૯–કેટલાક પ્રતિક્રમણ કર્યા અગાઉ દર્શન કરી આવવાનું કહે છે, પછી દર્શન કરવા ન જવાય એમ કહે છે, તેનું શું કારણ? એ બાબત શાસ્ત્રમર્યાદાવાળો રીવાજ શું છે?

ઉત્તર–દર્શન કરી આવીને પ્રતિક્રમણ કરવું એ મુખ્ય માર્ગ છે. સંધ્યાકાળે આરતિ ઉતારી ને દેરાસર માંગળિક કરવા એ શાસ્ત્રોક્ત માર્ગ છે. હાલ રાત્રે વધારે વખત સુધી દેરાસર ખુલ્લા રાખવાનો રીવાજ થઇ ગયો છે, તેથી પ્રતિક્રમણ કર્યા પછી પણ દર્શન કરવા જવાય છે. મહોત્સવાદિ પ્રસંગે તેમજ પર્વ દિવસોએ તો પ્રથમ પણ રાત્રે અમુક વખત સુધી ઉઘાડા રહેતા હતા. આ બાબતમાં જ્યાં જ્યાં જેવી પ્રવૃત્તિ હોય ત્યાં ત્યાં તે પ્રમાણે વર્તવું ઠીક લાગે છે.

પ્રશ્ન ૩૦–સિદ્ધશિલા એ શું છે? શેની બનેલી છે? તેની ઉપર સિદ્ધો રહેલા છે કે તેનાથી અલગ રહેલા છે?

ઉત્તર–સિદ્ધશિલા પૃથ્વીકાયના ઉજ્વળ–નિર્મળ પુદ્ગળમય છે. ૪૫ લાખ યોજન લાંબી પહોળી ગોળ છે. મધ્યમાં આઠ યોજન જાડી છે. સિદ્ધો તેને અવલંબીને રહેલાજ નથી. તેની ઉપર એક યોજને લોકાંત છે અને તે યોજનના ૨૪ મા ઉપરના ભાગમાં સિદ્ધો રહેલા છે. તેમની ઉત્કૃષ્ટી અવગાહના ૩૩૩ ⅓ ધનુષ્યની હોય છે. તેઓ અરૂપી છે. સિદ્ધની સાથે સંબંધ નહીં છતાં ઉપચારે સિદ્ધશિલા કહેવાય છે, અને મનુષ્ય ક્ષેત્ર જે ૪૫ લાખ યોજન પ્રમાણ છે તેમાંથીજ જીવો સિદ્ધિ પામે છે. તે જ્યાં દેહ છોડે છે ત્યાંજ ઉંચે સમશ્રેણિએ ઉત્પન્ન થાય છે. તેઓ આપણને અહર્નિશ વંદનિક છે.

# प्रश्नोत्तर.

(२)

(પ્રશ્નકાર–જીવનલાલ અમરશી–અનેડા)

પ્રશ્ન–૧ ગાયનું દુધ જિનપૂજામાં પવિત્ર ગણાય છે; પરંતુ પ્રાયે ઘણી ગાયો તો ઓખર કરવા જાય છે તો તેનું દુધ અપવિત્ર ગણાય કે કેમ?

ઉત્તર–બનતા સુધી જે ગાય ઓખર કરવા જતી ન હોય તેનું દુધજ જિનપૂજામાં વાપરવું યોગ્ય છે. તજવીજ કરતાં તેવું મળી શકવા સંભવ છે.

પ્રશ્ન–૨ સામાયિક પ્રતિક્રમણ કરતાં સ્થાપનાજીને અડાતું નથી તેનું શું કારણ? અડવાથી કાંઈ દોષ લાગે છે?

ઉત્તર–સ્થાપનાજીને આપણી વચ્ચે સાડાત્રણ હાથનો અવગ્રહ (અંતર) રાખવાનો છે, તો પછી અડવાનું તો રહ્યુંજ કયાં? સગવડના પ્રમાણમાં ૩॥ હાથથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓછું અંતર પણ રાખવું પડે છે. અડવામાં કાંઇ દોષ નથી. સ્થાપનાજી પડી જવાનો ભય પણ ન અડવામાં એક કારણ છે.

પ્રશ્ન–૩ રજસ્વલા થયેલ સ્ત્રી ત્રણ દિવસ પૂરા થયા પછી પવિત્ર થઇને જિનદર્શન કરે છે, અને ચાર દિવસ પૂરા થયા પછી જિનપૂજા કરે છે, પરંતુ લોહીવાના વ્યાધિ વિગેરે કારણથી રૂધિર વધારે વખત દેખાય તો જિનદર્શન કરી શકે કે નહીં ?

ઉત્તર–જિનદર્શન કરવામાં બાધ નથી, જિનપૂજા ન કરે.

પ્રશ્ન–૪ અહીંના શ્રાવકોમાં મંદિરમાર્ગી અને સ્થાનકવાસી–બંને પ્રકારના હોવાથી કેટલાક પ્રભુના ન્હવણનું જળ પીએ છે, તે યોગ્ય છે ? મારા લક્ષ પ્રમાણે તો તે આંખે લગાડાય અથવા માથે ચડાવાય.

એક સ્તવનમાં કહ્યું છે કે–ન્હવણ કરાવી રાગે પીધું, કંચનવરણી કાયા થઇ; રોગ સઘળાએ દૂર ગયા ને, આપદા સર્વે ક્ષય થઇ. આમાં ન્હવણ પીધાનું કહ્યું છે તો તેનો ખુલાસો શું સમજવો ?

ઉત્તર–પ્રભુનું ન્હવણ જળ આંખે લગાડવું કે માથે ચડાવવું તેજ યોગ્ય છે. પીધાની હકીકત કથંચિત્ સમજવી, તે પ્રવૃત્તિમાં ગ્રહણ કરવી નહિ.

પ્રશ્ન–૫ વૈષ્ણવો ગાયના મૂત્રને પવિત્ર ગણે છે તે પ્રમાણે આપણે પણ પવિત્ર ગણીએ છીએ કે કેમ ?

ઉત્તર– કેટલેક સ્થાનકે અશુચિ નિવારણાર્થે તેને પવિત્ર ગણવામાં આવે છે, સર્વત્ર નહીં. જિનમંદિરમાં તે લઇ જઇ શકાય નહીં.

પ્રશ્ન–૬ કેટલાક જિનમંદિરો આ દેશમાં જતિઓના તાબામાં છે. તેમાં તેઓ કોઇ કોઇ દિવસ જિનમંદિર ખુલ્લા રાખી આખી રાત્રી રાત્રીજાગરણ કરાવે છે તે યોગ્ય છે? જિનમંદિર રાત્રીએ અમુક વખતે બંધ કરવાજ જોઇએ કે આખી રાત ઉઘાડા રાખી શકાય ?

ઉત્તર–જિનમંદિર આખી રાત્રી ઉઘાડા રાખી શકાય નહીં. રાત્રીજાગરણ કરવું હોય તો જિનમંદિર બંધ કરીને તેની બહારના ભાગમાં કરી શકાય. જતિઓ જો આખી રાત એ પ્રમાણે ઉઘાડા રાખતા હોય તો તેને સમજાવવા; ન સમજે તો તે રાત્રીએ જાગરણમાં શ્રાવકે ભાગ ન લેવો.

પ્રશ્ન ૭-પાંચ પદની ટીપમાં નવકારના પાંચ પદ અને નવ પદની ટીપમાં સિદ્ધચક્રના નવ પદ ગણાય છે, તેનું ફળ બહુ વિશેષ કહ્યું છે, પરંતુ પ્રતિક્રમણના કાઉસગ્ગમાં નવકારના નવ પદ ગણવા કે સિદ્ધચક્રના નવ પદ ગણી શકાય ?

ઉત્તર–પ્રતિક્રમણાદિકના કાયોત્સર્ગમાં નવકારના નવ પદજ ગણવા; એમાં સિદ્ધચક્રના નવ પદ ગણી શકાય નહીં. એમાં પ્રવૃત્તિ અથવા આજ્ઞાનેજ પ્રમાણ ગણવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રશ્ન ૮—ભક્તામર સ્તોત્રના કાવ્ય દિગંબરો ૪૮ બોલે છે, આપણે પ્રતિક્રમણની બુક વિગેરેમાં ૪૪ કાવ્ય છપાયેલ હોવાથી ૪૪ બોલીએ છીએ. અમને એક જુની લખેલી પ્રત મળી છે, તેમાં ૪૮ કાવ્ય તેના મંત્ર યંત્ર વિધિપૂર્વક લખેલ છે. તો તે પ્રમાણે ૪૮ ગણવા કે કેમ ? કોઇ કોઇ યતિપાસે (૫૨) કાવ્ય પણ લખેલ છે, તો પ્રમાણભૂત કેટલા સમજવા ?

ઉત્તર—ભક્તામરની મૂળ રચના ૪૮ કાવ્યની શ્રીમાનતુંગ સૂરિએ કરેલી, ત્યારપછી પ્રભાવિકપણાના કારણસર અલ્પસત્વી જીવો જીરવી ન શકે માટે ચાર કાવ્ય સંખેપી લીધાનું કહેવાય છે. તમને મળેલ ૪૮ કાવ્યની પ્રતમાં જે ચાર કાવ્ય છે તે અસલ કર્ત્તાનાજ કરેલા કે બીજા ? એ કહી શકાય નહીં. (૫૨) કાવ્યમાં તો ૪ અથવા ૮ ક્ષેપકજ સમજવા. બાકી ૪૮ કાવ્ય તમને મળ્યા હોય તો તેનો પાઠ કરવામાં વિરોધ નથી.

પ્રશ્ન ૯—ઉવસગ્ગહરં હાલ પાંચ ગાથાનું પ્રવૃત્તિમાં છે અને કેટલાક યતિઓની પાસે ૧૮ ગાથા સુધીનું પણ એ સ્તોત્ર લખેલ છે, તો તેમાં પ્રમાણભૂત કેટલી ગાથાવાળું સમજવું ?

ઉત્તર—એ સ્તોત્ર તેના કર્ત્તા શ્રીભદ્રબાહુસ્વામીએ ૭ ગાથાનું કર્યાનો લેખ છે. ત્યારપછી તેનાથી આકર્ષણ પામતા દેવોની પ્રાર્થનાથી બે ગાથા તેમણેજ સંખેપી લીધાનો ઉલ્લેખ છે, તેથી હાલ જે વધારે ગાથાનું એ સ્તોત્ર દેખાય છે, તેમાં વધારાની ગાથા પ્રક્ષેપ હોવાનું સમજાય છે.

## खरी जीवदया क्यां छे ?

'જીવદયાનો પુરતો ખ્યાલ—ખરો ખ્યાલ જૈનો સિવાય બીજાને આવતો નથી.' આ વાક્ય કેટલાક અભિમાનવાળું કહેશે, પણ તેમાં અભિમાનના અંશ કરતાં સત્યના અંશ વધારે છે. જૈનો માત્ર ગોવધ બંધ કરવાનું કહીને પ્રચ્છન્ન રીતે કે પ્રગટ રીતે તેને બદલે બીજા જીવોનો વધ ભલે થાય એમ કદિ બોલશે નહીં, તેમ ઇચ્છશે પણ નહીં. મહાત્માજી જે પ્રકારે અહિંસા કહે છે, તેના સ્વરૂપનો પણ પૂરો ખ્યાલ મેળવ્યા શિવાય ગાયોને બદલે તે કરતાં ત્રગણી ચોગણી સંખ્યામાં બકરા કે બીજા જીવોના વધની વાત જૈનો સાંભળી પણ શકે નહીં; તેને તો કાન આડા હાથજ દેવા પડે.

વળી પૂર્વે જૈન રાજાઓ થઇ ગયા છે, તેઓ શીકાર તો કરતાજ નહોતાં, કારણકે તેમાં તો નિરપરાધી પ્રાણીઓનો વધ થાય છે, તે જૈન નામ ધરાવનાર કરી શકેજ નહીં. પરંતુ પોતાની સામે દુશ્મન રાજાના લશ્કરમાં આવેલા સાપરાધીની પંક્તિમાં મૂકવા યોગ્ય મનુષ્યોનો વધ પણ બીજો ઉપાય ન હોય તોજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે; અને તે પણ તેનું પાપ નથી એમ સમજીને નહીં, પાપ તો જીવના વિનાશમાં છેજ, પણ તેમાં નિરૂપાયપણું સમજે, અને હજુ પોતે તેટલો સર્વથા ત્યાગ કરી શકેલ નથી એટલી પોતામાં ઉણપ માને--અહિંસા શબ્દને પોકારનારમાં પણ કેટલાક માત્ર મનુષ્યોપરત્વેજ અહિંસા માનનારા ને પાળનારા છે, કેટલાક તેથી આગળ વધીને પંચેંદ્રિય તિર્યંચ કે જેઓ જળમાં મત્સ્ય વિગેરે છે, સ્થળપર ગાય ભેંશ વિગેરે ચતુષ્પદ તરીકે ફરે છે, આકાશમાં પક્ષી તરીકે ઉડે છે તેને બચાવવાનું કહે છે, પણ સર્પાદિક ઝેરી પ્રાણીઓ કે વ્યાઘ્રાદિક હિંસક પ્રાણીઓની હિંસામાં પાપ માનતા નથી. ઉપરાંત બે ઇંદ્રિય વાળા પૂરા, અળશીઆ, જળો ને કરમીયા વિગેરે; ત્રણ ઇંદ્રિયવાળા માંકણુ, જુ, મંકોડા, કીડી વિગેરે અને ચાર ઇંદ્રિયવાળા વીંછી, ભમરા, ભમરી, માખી તીડ વિગેરે–એવા હાલતા ચાલતા પ્રાણીઓને જીવ માની તેની અહિંસા કહેનારા પણ કેટલાક છે, પરંતુ ઉપર જણાવેલા સર્વે જીવોની અને તદુપરાંત એક ઇંદ્રિયવાળા સ્થાવર કાચી માટી, મીઠું વિગેરે, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં જીવ માની તેની પણ અહિંસાને માનનારા ને કહેનારા તેમજ યથાશક્તિ પાળનારા જૈનોજ છે. તેથી મેં પ્રારંભમાં લખેલ વાક્ય વાપરેલું છે અને તે પૂરેપૂરૂં સત્ય છે. તેમાં મિથ્યાભિમાનનો અંશ પણ નથી. ઇત્યલમ્

## विचारणा अने अवलोकन[1]

અતિ આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી બાબત તો એ છે કે આ જીવનના પ્રશ્નો ઉપર આપણે બહુધા વિચારજ કરતા નથી. આપણે અનેક દેશોની નીપજ આવકના આંકડાઓનો અભ્યાસ કરીએ છીએ, હિંદુસ્તાનની આયાત નીકાસના આંકડાપર તુલના કરીએ છીએ, ભૂતકાળના ઇતિહાસના પાના ઉથલાવી તેપર અભિપ્રાય આપીએ છીએ, જુના લેખો, તામ્રપત્રો, સિક્કાઓ વાંચવાનો પ્રયત્ન કરીએ છીએ, વર્તમાન યુગના મોટા બનેલા કે મોટા માનેલા મહાપુરૂષોના ચરિત્રો સાંભળીએ છીએ, વાંચીએ છીએ, વિચારીએ છીએ અને તેપર ચર્ચા ચલાવીએ છીએ–આવી બહારની અનેક પ્રકારની પ્રવૃત્તિ કરીએ છીએ, યથાગતિ અને સંયોગાનુસાર પરનું હિત કેમ થાય તે સંબંધી વિચારો કરીએ છીએ, કાંઈક અમલ પણ કરવાની તજવીજ કરીએ છીએ પણ આ સર્વમાં પોતે કોણ છે? ક્યાંનો છે? પોતાનો ઇતિહાસ શો છે? પોતે કેટલા માલનું ભક્ષણ કરી ગયો? કેટલું પાણી વિગેરે પી ગયો? પોતાના ન ઉકલતાં ઇતિહાસનાં પાના કયાં છે? કેમ મળે? કોને મળે? કયારે મળે? એ પત્રો ઉઘાડવાનો કોઈ

૧ એક મુમુક્ષુની નિત્ય નોંધપોથી ઉપરથી અહીં સ્વપરવિવેક સાધ્ય જાણી મોકલ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતના વિચાર થતો નથી. કોઈ વખત એ ઇતિહાસ વાંચવા વિચારવા યોગ્ય છે એવો ખ્યાલ પણ થતો નથી અને એ ઇતિહાસ કોઈ સાંભળવા કહે, સંભળાવે તો તે તરફ લક્ષ્ય પણ જતું નથી. આખી દુનિયાની બાબતમાં અભિપ્રાય આપવાનો દાવો કરનાર પોતાની જાતનો વિચાર ન કરે, આખી દુનિયાના ઝગડા ચુકવવાનો યત્ન કરનાર ન્યાયાધીશ પોતાના આંતર ઝગડાનો ઉકેલ પણ ન કરે, આખા જગતની વિચારણા કરનાર પોતાને માટે જરા પણ તક હાથમાં ન ધરે એ વાત ખોટી લાગે છે, ન બનવા જેવી લાગે છે, છતાં વસ્તુતઃ એ વાત સાચી છે, ખરેખરી છે, લગભગ આપણા પ્રત્યેકના સંબંધમાં દરરોજ બનતી જોવામાં આવે છે.

આપણામાંના કેટલાક રાજનીતિજ્ઞો હશે તે રાજ્યના સવાલોનો અભ્યાસ કરી સરકારને પ્રશ્નાવળી દ્વારા મુંઝવતા હશે, કાઉન્સીલમાં નવા નવા બીલો લાવી પ્રજાહિત માટે પ્રયત્ન કરતા હશે, તેઓએ વિચારવું કે કદિ પણ આંતર સામ્રાજ્યના સવાલોનો અભ્યાસ કર્યો છે? કદિપણ સ્વજીવન નિર્ણય કરવા ધારાધોરણ ઘડી કાઢવાના બીલ આદર પામ્યા છે?

આપણામાંના કોઇ મ્યુનિસીપલ બાબતોમાં રસ લેતા હોઇ શહેર સુધરાઈના પ્રશ્નો અવલોકી વખતોવખત જાહેર રસ્તાઓ, હોસ્પીટલો, સ્કુલોનો નિર્ણય કરતા હશે, તેઓએ તપાસવું કે કોઇ વખત આત્મવાટિકાના સીધા સરળ રસ્તાને સાફસુફ કરવાનો કે આત્મયોગની નિશાળને તપાસવાનો વિચાર પણ કર્યો છે?

અનેક જ્ઞાતિના આગેવાનો અનેક વખત નાતના ઝગડાઓ ચુકવે છે, ઘણા માણસોના વ્યવહારની યોજનાની નિયંત્રણા કરે છે, જ્ઞાતિબંધારણ કરવા બેસે છે, તેઓ વિચારશે કે તેઓએ કદિ મોહચારિત્રના આંતર ઝગડાઓ ચુકવ્યા છે? અસ્ખલિત વહેતા કષાયાદિની નિયંત્રણાના માર્ગો યોજ્યા છે? અથવા આત્મતત્ત્વના સુનિયંત્રિત થઇ શકે તેવા બંધારણની શકયતા પણ યાદ કરી છે?

એજ પ્રમાણે વ્યાપારીઓ હુન્નરોની ઉથલપાથલ કરી સાંજે મેળ મેળવશે પણ આત્મપ્રગતિના માર્ગ પર દરરોજ કેટલી કમાણી કરી, કેટલા પાછળ પડ્યા, તેવું આત્મનિરીક્ષણ કરી દરરોજના તો શું પણ વર્ષોના ધુંચવાડાના જમે ઉધારના સરવૈયા કદિ કાઢશે ખરા? રોકડ વેચાણની ઉપયુક્તતા અને ઉધારની અવધીરણા કરનાર વ્યવહારદક્ષો કદિ વર્તનના વિચારો અને આચારોમાં રોકડ ધર્મ અને ઉધાર ધર્મનો તફાવત વિચારે છે પણ ખરા? આવા અનેક દાખલાઓ લંબાવી શકાય. આપણે સોની કે સુતાર, મોચી કે માળી, તેલી કે તંબોળી, અથવા તો નિશાળના અધ્યાપક કે કોલેજના પ્રોફેસર, વકીલ કે ઇજનેર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડાક્ટર કે વૈદ્ય સર્વ પોતાથી અન્યની ચિંતા કરનારા, તે દ્વારા વધતે ઓછે અંશે જીવનવ્યવહાર ચલાવનારા, ઐહિક સંપત્તિ કે કીર્તિ સંપાદન કરનારા અને કોઇ કોઇ જાણે અજાણે આત્મધર્મ સન્મુખ રહેનારા જોવામાં આવશે, મોટો ભાગ તો સંસારને ઉપભોગનું સાધન માનનારા અને તે દ્વારા માની લીધેલા સુખમાં સંસારમાં ઘસડાતાજ મળી આવશે.

પણ આ સર્વ વ્યાપાર કરનાર પોતે કોણ છે ? શા માટે આ સર્વ ધમાલ કરે છે ? પોતાનું અંતિમ સાધ્ય શું છે ? કયાં જવાનું છે ? ત્યાં જવાનાં સાધનો કયાં કયાં છે ? અને તે કોને અને કયારે તથા કેમ ઉપલભ્ય છે ? તેનો વિચાર કરનાર બહુ અલ્પ છે. મોટો ભાગ તો પોતાથી પરની વિચારણામાંજ સંતોષ માનનારો હોય છે, પોતાને માટે તો જાણે કાંઇ વિચારવાનું રહેતુંજ નથી, વિચારવા યોગ્ય કાંઇ છેજ નહિ અને પોતે આદરેલ જીવનપ્રણાલિકા આદર્શભૂત છે, એમ માની કામ લેનારો છે. એક બીજો એવો વર્ગ છે કે જે સંસારથી પોતાને દબાયલા–ચુંદાયલા–કચરાયલા માનનારો હોય છે અને પોતે અકિંચિત્કર છે એવા ખ્યાલમાં તદ્દન નિર્માલ્ય જીવન જેમ તેમ કરીને પૂરૂં કરનારો હોય છે.

કેટલાક માણુસો પરસેવામાં, કેટલાક અધમ દુર્વ્યસનની સેવામાં, કેટલાક ભીખ માગવામાં અને કેટલાક ખુશામત કરવામાં જીવન વ્યતિત કરે છે. આવા સમાજના વિકળ અંગોનો વિચાર હાલ ન કરતાં વિશિષ્ટ અંગોના જીવન આપણે બારીકીથી અવલોકીએ છીએ ત્યારે તેમાં અનેક વિરોધો, ગોટાળા અને અવ્યવસ્થા જોવામાં આવે છે. પણ આ સર્વ બાબતો આત્મનિરીક્ષણ કરનારને, વસ્તુસ્વભાવ સમજનારને, સ્વપરનો વિવેક કરનારનેજ જણાઈ શકે તેમ છે. જયાં સુધી પર વસ્તુ કઇ કઇ છે? અને તેનો પોતા સાથે સંબંધ કેવો અને કેટલો છે તથા શા માટે થયેલો છે? તેનો ખ્યાલ ન આવે ત્યાં સુધી એ વિરોધ, ગોટાળા કે અવ્યવસ્થા લક્ષ્યપર પણ નહિ આવે.

અત્યારે સામાન્ય જીવનક્રમ એવી રીતે ઘડાયલો છે કે જાણે પોતે એક નાની દુનિયાનો મધ્યબિન્દુ હોય, પોતાની નાની દુનિયાને આનંદ થાય, તેઓ જરા વખાણ કરે, તેઓ ખુશી થાય એટલે તેમાં આ પ્રાણી જીવનનું સાફલ્ય માને છે. પોતાની સમજણ અને વ્યવહારદક્ષતા માટે ઘણાખરાને બહુ ઉંચો ખ્યાલ બંધાઈ રહેલો હોય છે. પરિણામે પોતાના ધંધા કે વ્યવહારમાં ચુસ્તતા એટલી રહે કે પરનો સંબંધ નિરંતર વધતો જાય છે. વાત એટલે સુધી આવે છે કે એક મજુર પોતાની આઠ દશ આનાની દરરોજની કમાણી કરવામાં પોતાની જાતને કુશળ માને છે અને પોતાની નાની દુનિયાના વખાણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભળી જીવન સફળ થયું ધારે છે અને ભિખારી પણ બીજાને આઠ દશ પૈસા મેળવવાની શક્તિ કરતાં પોતાની ચાર આના પ્રાપ્ત કરવાની પ્રવીણતામાં મસ્ત રહે છે. એવી રીતે આખી દુનિયાનો નાનો મોટો વર્ગ સંસારને વળગી રહી મસ્ત રહે છે અને અંતિમ પ્રશ્નોપર વિચાર કરતો નથી, વિચાર કરવાની એને જરૂર પણ માલૂમ પડતી નથી અને આડાઅવળા અથડાઈ પીટાઈ નાનો મોટો ઢગલો જોવામાં કે જમે ઉધારના સરવાળા જોઈ રાજી કે નાખુશ થવામાં જીવન વ્યતિત કરે છે. પણ એમાં પોતે કોણ છે ? અને પોતાનો એ વસ્તુ કે રકમ સાથે સંબંધ શો છે? તે વિચારતો નથી અને એ કેફમાં જીવનકાળ પૂર્ણ થયે માની લીધેલા વિષયોમાં પરવસ્તુનો કાંઈક વ્યય કરી કે વિભાગ કરી જીવન સફળ થયેલું ધારવા-માનવા કે મનાવવા યત્ન કરે છે. આ સર્વ ઘુંચવણમાં પોતે ઘુંચવાઈ જાય છે, અટવાઈ જાય છે અને એકરસ થઈ જાય છે..

તું જો જરા વિચાર કરીશ તો તને જણાશે કે આ દશા વિચારકની ન હોય, સમજુની ન હોય, પ્રગત જીવનની ભાવનાના આદર્શવાનની ન હોય. એ તો એક નાટક છે, એક રમત છે, એક ખેલ છે, મનોવિકારોનું ચિત્ર છે, રખડનારનાં માનેલા વિશ્રામો છે, સ્થૂળ આસક્તિનાં ધામો છે, મસ્ત પ્રાણીઓનાં રસનો સમૂહ છે. એ સર્વમાં તું પોતે કોણ છે? અને તારો જીવન આદર્શ શો છે? તે જણાતું નથી. જીવનકલહની મારામારીમાં, વિષયની પોષણાના સાધનોની યોજનામાં, બાહ્ય કીર્તિ કે યશ શ્રવણની પિપાસાની તૃપ્તિમાં, ઢગલાઓ એકઠા કરવાની ધૂનમાં, એકઠા થયેલા ઢગલાના રક્ષણની યોજનામાં આ અસરંગી જીવનવિચારણા, નિરીક્ષણ કે આદર્શની સ્પષ્ટતા વગર ખડક સાથે અફળાઈ પડે છે અને કાંતો ખરાબે ચઢી જાય છે અથવા અનંત જળપ્રવાહમાં તણાઈ જાય છે. ત્યારે આમાં તું કોણ ? અને તારૂં શું ? એનો વિચાર કર. એમાં તે ઉપરાંતની જે વસ્તુ કે જન મળી આવે તે તારાં નથી એટલી પ્રથક્કરણ ક્રિયા સાથે કરતો જજે. આ સ્વપરના વિવેચનમાં અને એ વિવેકને પરિણામે થતા અનિવાર્ય નિર્ણય અને વર્તનામાં તારા જીવનનું સાફલ્ય છે. જેને તું તારાં માને તે સદા તારાં તે સંબંધે રહેવા જોઈએ, જે વસ્તુને તું તારી માને તે સર્વદા તારી સાથે રહેવી જોઈએ, તેનો અને તારો કદિ વિયોગ થવો ન જોઈએ અને જો કદિ પણ તે તારી નથી એમ થવાનો સંભવ દેખાય તો અત્યારે પણ તે તારી છે એમ માનવામાં તારી કલ્પનાજ છે એમ ધારી લેજે. આવી રીતે શાશ્વત રહેનાર અને નિરંતર સુખ આનંદ આપનાર વસ્તુને પીછાની લેવાની બાબતમાં ઉતરવાનું થશે એટલે જીવનના ઘણા મુશ્કેલ સવાલોનો કોયડો ઉકેલવાનું બળ-સામર્થ્ય તને પ્રાપ્ત થશે અને તે વિચારણા ઉત્તરોત્તર તને સ્પષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગદર્શક થઇ પડશે.

આવા ખ્યાલથી તું તારી જાતને તપાસ, તારા શરીરને તપાસ, તારી ઇંદ્રિયોને તપાસ, તારાં કપડાંને તપાસ, તારા આભૂષણોને અવલોકી જો, તારાં ઢગલાંઓને વિચારી લે, તારાં સ્નેહી સંબંધી સગાંઓને માપી લે, તારા પુત્ર કલત્રની કિંમત કરી લે, તારા વિચારોની ઘટમાળને તોળી લે, તારા માલ ખજાના હવેલી જમીન હક્કો વિગેરે સર્વ વસ્તુઓ, જનો અને ચીજોને તું જોઇ લે. તે તને તારી લાગે તો વાસ્તવિક અર્થમાં તે તારી માલેકીની છે કે નહિ? તે તું જોઇ લે અને પછી તેના ઉપર નિર્ણય બાંધ. એ તારા પૃથક્કરણમાં અનિત્ય સંબંધને, અસ્થિર સંબંધને, અચોક્કસ સંબંધને એક કક્ષામાં મૂકજે અને નિત્ય, સ્થિર, સ્પષ્ટ સંબંધને બીજામાં મુકજે.

જીવનનિર્ણયના જે મહા પ્રશ્નો છે તેમાંનો આ અતિ મહત્વનો એક પ્રશ્ન છે, અથવા લગભગ સર્વ પ્રશ્નો કરતાં વિશેષ મહત્તા ધરાવનાર આ પ્રશ્ન છે. સ્વપરના વિવેકમાં આખા જીવનની ચાવી છે. મોટા તોફાનો ઉઠાવવાં, ધમાલો કરવી, દોડાદોડ કરવી, અથવા આત્મતત્ત્વ ગવેષવા, અનેક ઉપાસના, કર્મ કે જ્ઞાનસાધના કરવી અથવા મન્તવ્ય પ્રમાણે સામાન્ય કે વિશિષ્ટ જીવન ગાળવાના વલખા મારવાં એ સર્વનું અંતિમ રહસ્ય સ્વપરના વિવેકમાં છે, જીવન સાદું છે કે વિશિષ્ટ છે, અન્યને આકર્ષક છે કે ઉપેક્ષ્ય છે, પરોપકારમય છે કે સ્વાશ્રયી છે કે સ્વાર્થમય છે, ધંધાવાળું કે નોકરવાળું છે, વ્યવહારૂ છે કે શાંત છે–એ સર્વ વિશેષણો છે; એની સફળતાનો સરવાળો અમુક દેશ કે કાળની અપેક્ષાએ કે અમુક વખાણ કે માનપત્રોની સંખ્યાથી કરવાનો નથી, એની સફળતા જીવનમાં સ્વપર વિવેક અને તદ્વિવેકજન્ય વર્તન કેટલું થયું છે? તેપર થાય છે, ઘણીવાર ધામધુમ કરનારા માણસોના ચરિત્રો લખાય છે એથી અકળાવું નહિ, દુનિયાની દૃષ્ટિ સર્વદા નિષ્પક્ષ કે ચોખ્ખી હોતી નથી, દુનીયાદારીની તુલનાનાં ત્રાજવાં પણ દુન્યવી હોય છે અને તારે તો ખ્યાલમાં રાખવું કે ઘણીવાર સંત પુરૂષો અપ્રસિદ્ધ રીતે જીવનોત્કર્ષ સાધતા હોય છે. દુનિયા તેમને જાણે કે ન જાણે તેની તેને દરકાર હોતી નથી–હોઇ શકેજ નહિ, તેઓનું સાધ્ય આંતરવિકાસનું હોય છે અને તે ધોરણે દોરેલી રૂપરેખાપર તેઓ જીવન વહન કરે છે.

જીવનસાફલ્યની આ એક અનુપમ ચાવી છે. સ્વપરનો વિવેક કરી સર્વનો આદર કરવો, સ્વનો પ્રેમ કરવો, સ્વનો વિકાસ કરવો, સ્વનું સ્થાન પ્રાપ્ત કરવું, સ્વની પ્રગતિનાં સાધનો યોજવાં, પરને ઓળખવા, પરભાવને જાણવા, પરભાવ, પરવસ્તુ અને પરજનને પર તરીકે સમજવા અને તેની તેટલી કિંમત મૂકી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને અનુકૂળતા અને શક્તિ અનુસાર દૂર રાખવા, તેમાં વ્યામોહ ન પામવો અને તેનાથી ઉપર તરી આવી સ્વમાં કૃતિકર્તવ્યતા સમજવી અને આદરવી. આ પ્રમાણે તારી જીવનપ્રનાલિકા દોરીશ તો તને આખી જીંદગીને છેડે આ જીવન નિષ્ફળ થયું છે, ક્લેશ રૂપ થયું છે. નકામું ગયું છે, એમ કદિ નહિ લાગશે. વિશિષ્ટ આદર્શવાનનો આ માર્ગ છે, ભાવનામય જીવન વ્યવહારના દરેક પ્રદેશમાં જોડી દેનારની આ દશા છે, વાસ્તવિક સુખના લ્હાવા લેનારની આ ઉત્કટ દૃષ્ટિ છે અને શાન્તસામ્રાજ્ય પ્રાપ્ત કરવાના માર્ગ પર ચઢી જવાનો આ સીધો સરળ અને બહુધા નિષ્કંટક માર્ગ છે, એમ તત્ત્વદૃષ્ટાઓ વિના-સંકોચે ભર મૂકી મૂકીને અનેક આકારમાં ભાખી ગયા છે અને એ માર્ગે ચઢવાની ભાવના રાખવી એ તારૂં ઈષ્ટ કર્તવ્ય હોવું જોઈએ એમ દીર્ઘ વાંચન, શ્રવણ અને સમાગમને અંતે થયેલ અવિસંવાદી શુદ્ધ દર્શન છે. **મૌક્તિક.**

---

# एज्युकेशन बोर्ड अने विद्यार्थी वर्ग.

ગઈ તા. ૩૦ મી એ જૈન શ્વેતાંબર કોન્ફરન્સે સ્થાપિત જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી જુદા જુદા સેન્ટરોએ ધાર્મિક પરીક્ષા રાબેતામુજબ લેવાઇ. પરિક્ષામાં બેઠેલી સંખ્યા અને પરિણામ તો ભવિષ્યમાં જણાશે, છતાં તે પર કાંઈક વિચાર કરવાની હાલ અગત્ય છે. જૈનસમાજની વસ્તીના પ્રમાણમાં અત્યારે જે મથકોની સંખ્યા છે, તે ઘણીજ અલ્પ ગણી શકાય, તેમજ બોર્ડ હસ્તકના ભંડોળથી અને તેને પોષક એવા સભ્ય ગણથી માપ કાઢતાં એ પણ ખુલ્લું કહી શકાય કે તેમાં ખાસ વૃદ્ધિ થવાની જરૂર છે. શું જૈનસમાજ ઉપરોક્ત કોન્ફરન્સરૂપ બુઝાઇ જતાં પ્રદીપના આ એક પ્રકાશી રહેલા કિરણ માત્રને ઝળહળતો નહીં રાખી શકે? તો પછી તે શ્રી વીરપ્રભુની પ્રજા તરીકે સ્વગૌરવ શી રીતે જાળવી શકશે?

મારો કહેવાનો આશય તો એજ છે કે જો તેને કાયમ નરિકેનું બોર્ડ બનાવવું હોય તો દરવર્ષે તેમાં સારી રકમો જ્ઞાન યા વિદ્યાદાન તરિકે અપાવી જોઇએ. આથી પણ વધુ જરૂર તો તેમાં રસ લેતા ઉત્સાહી બંધુઓની છે કે જેઓ સભ્ય બની તેની ગતિમાં સહાયક થાય. ભલેને તેઓ ગ્રેજ્યુએટ હોય વા ન હોય અથવા તો ડીગ્રીધારી હોય કે માત્ર સામાન્ય કક્ષાના હોય, તે વાતમાં ઝાઝું વજુદ જેવું નથી. મુખ્ય મુદ્દો તો એજ છે કે તેમનામાં જૈનધર્મ વિષે અને તેના સાહિત્ય વિષે ઉચ્ચ અભિપ્રાય હોય, તેનો લાભ જૈનધર્મી એકે-એક બંધુ લઈ શકે તેવી ઉદાર ભાવના હોય અને એ ઉપરાંત એવી દૃઢ માન્યતા હોય કે ધાર્મિક કેળવણીના ઉંડા સંસ્કાર વિના જૈનકોમનું દળદર કદિ પણ ફીટવાનું નથી. વળી સંસ્કાર પાડવાનું મુખ્ય અને આશાજનક સાધન વિદ્યાર્થી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગજ છે. માત્ર આટલી માન્યતા ધરાવનારા અને તેનો તન મન અને ધનના યથાશક્તિ ભોગથી જવાબ આપનારા માત્ર સો સભ્યો હશે તો તે નામધારી હજાર સભ્યો કરતાં પણ વધુ કરી શકશે. જેમ કાર્યવાહક તરિકે ઉમંગી અને ખંતીલા મનુષ્યોની જરૂર છે તેમ સભ્યગણમાં પણ લાગણીની છાંટ તો હોવીજ જોઇએ, નહિ તો ધણી વિનાના ઢોર સુના જેવી દશા થાય અને દશ દશ ધક્કા ખાતા લવાજમ વસુલ ન આપે છતાં સભ્યસંખ્યામાં નામ ગણાય. આવી સ્થિતિ ચીર કાળ પામતી સંસ્થાનું નાવ ભરસમુદ્રે ડામાડોળ હાલતમાંજ રહે છે. એકદા સજ્જડ સપાટો લાગ્યો, કે સાતડે સાત. તેથીજ લાગણીવાળા અને ઉન્નતિને ઇચ્છનારા બંધુઓએ આગળ આવી આ કાર્યને ટેકો આપવાની જરૂર છે. વખત મેળવ્યો મેળવાશે અને ધન ખરચ્યું ખરચાશે. પોતાની મેળે તે પદાર્થો આવીને તમને કહેવાના નથીજ. બાકી એ તો સિદ્ધાંતનું વચન છે કે "દેહ, દ્રવ્ય અને કુટુંબ સુખકારીમાં સર્વ સંસારી મનુષ્યોને આનંદ ઉપજે છે પણ જેઓ મોક્ષના પીપાસુઓ છે તેઓ તો તેથી આગળ વધીને જિન પ્રભુ અને તેમના બતાવેલા ધર્મના કાર્યમાં તથા સંઘના કાર્યમાંજ આનંદ અનુભવનાર છે." જરા રાષ્ટ્રિય કોંગ્રેસની હીલચાલ તરફ નજર કરો, એટલે સ્પષ્ટ એ વાત નયનપથમાં આવશે કે તેમાં કરનારામાંના કેટલાકે કેવા ભારે ભોગ આપ્યા છે? જ્યારે આ કાર્યમાં તો તેટલા મોટા ભોગની જરૂર પણ નથી, અને લાભ તો બેવડો છે.

પણ વિદ્યાર્થીગણ માટે શું સમજવું? તેમને ઇંગ્લીશ ને ગુજરાતી કેળવણી લેવાનો સમય મળે, ક્રીકેટ આદિ રમતો રમવાનો સમય મળે, મોજ-મજા કરવાનો અને નાટકચેટક જોવાનો સમય મળે અને ન મળે માત્ર આપણા ધર્મનો અભ્યાસ કરવાનો સમય. આ તે અજ્ઞાનતા કે શું? અફસોસ! જે જ્ઞાન બાળપણથીમાં પવાવાની જરૂર છે તે તરફ તો સાવ દુર્લક્ષ્યતાજ. આનું પરિણામ શું આવે? જેમ જેમ કેળવણીમાં આગળ વધે તેમ તેમ જીવન ધાર્મિક સંસ્કાર-વિહુણુ બને અને જડ વસ્તુનો મોહ વધતો રહે. સરવાળે એ વર્ગને ધાર્મિક ક્રિયાઓ શુષ્ક અને નિરસ લાગે, તત્ત્વજ્ઞાનમાં લાંબો પ્રકાશ હોય નહીં, આથી તેઓ સમાજથી અળગા ને અળગાજ રહેતા જાય. આ બધી સ્થિતિ સુધારવાનું, અને ગમે તેવા સ્થાને અને ગમે તેવા સંયોગો વચ્ચે અભ્યાસ કરી જ્ઞાન મેળવવાનું કોઇપણ સાધન હોય તો તે આ બોર્ડનો અભ્યાસક્રમ છે. જો કે તેમાં થોડીક સુધારણાની જરૂર છે, તેમજ કેટલાક પાઠ્યપુસ્તકો નથી મળતા તો તેની પણ સવડતા કરવાની જરૂર છે, છતાં એકંદરે તેનો ક્રમ એવો છે કે ઝાઝું ગોખ્યા સિવાય અલ્પ સમયના ભોગે જૈનધર્મ સબંધી ઘણું જાણવાનું મળે. ઘણી શંકાઓના નિર્ણય આપોઆપ થઇ જાય. જૈનત્વની દ્રઢ છાપ

For Private And Personal Use Only

પડે. વર્ષમાં માત્ર ત્રણ કલાકની એક પરીક્ષા માટે પણ જો જૈનવિદ્યાર્થી આલમ આળસને તૈયાર ન કરી શકે તો પછી તેમની પાસેથી વધુ શી આશા રાખી શકાય? બીજા મતફેરો ગમે તેટલા હોય પણ આ બોર્ડના કાર્યને તો સંગીન ઉત્તેજન મળવુંજ જોઈએ. જ્યાં ત્યાં તેને માટે અભંગદ્વાર હોવા જોઈએ. તેના ચરણે નવા નવા ઉપહાર ધરાતા જોઈએ. એ તો કામધેનુ છે. તેને જેટલો સુંદર આહાર આપશો તેટલો ફોગટ નથી જવાનો. તેનાથી ડગલ ઇચ્છિત લાભ મેળવાશે. વિદ્યાર્થી બંધુઓ! તમે પણ આ કામધેનુની સેવા કરો. તેની સેવા ફોગટ નથી જવાની. તે તમને ધર્મજ્ઞાનથી ભરી તમારો આ ભવ અને પરભવ સુધારવા કારણરૂપ બનશે! વધારે શું કહેવું?

**મોહનલાલ ડી. ચોકસી.**

# आपणो हवे पछीनो मार्ग.

જો આપણે ખરેખરા જૈન બનવું હોય તો પછી લાંબો સમય સામાન્ય ચર્ચાઓ પાછળ અને નહિં જેવા મતફેરો પાછળ ગાળવાનું આપણને ન પરવડે. તેમ કરવા જતાં ભગવંતે દર્શાવેલા મહાન તત્ત્વો જાણવા વિચારવાનો સમય પણ ક્યાંથી રહે? જૈનધર્મ અનેકાંત મત તરીકે પ્રસિદ્ધ છે, તો પછી તેમાં આમ હોવું જોઈએ અને અમુક તો નજ હોવું જોઈએ ઇત્યાદિ માન્યતાઓ કલ્પવી ઉચિત નથી. અપેક્ષાવાદની ખુબીજ એ છે કે તેમાં ભિન્ન ભિન્ન અપેક્ષાથી સર્વે નયોનું સંમેલન થાય છે; જે વાતની ઝાંખી સરખી પણ અન્ય દર્શનકારોના દર્શનમાં થતી નથી. જ્યાં ઉત્તમોત્તમ વસ્તુસ્વરૂપ જાણવા અવધારવાનો પદ્ધતિક્રમ છે, ત્યાં પછી દેવદ્રવ્યાદિની, કેશર સુખડની, અને રેશમ આદિની ચર્ચાઓ ચીરકાળ પર્યંત ચાલ્યા જ કરે, છાપાના કોલમો ભરાયાંજ કરે, પૂર્વાપર નવિન દલીલોનુ ખંડન મંડન થયાજ કરે એ શું? ત્યારે તે તો મહાત્માશ્રી આનંદઘનજી કહે છે કે 'તર્ક વિચારે રે વાદ પરંપરા, પાર ન પહોંચે કોય;' તેવોજ ઘાટ થયો. અને જ્યાં પુનઃ પુનઃ એમ થયા કરે ત્યાં 'તત્त्वं કેવલિનો વિદંતિ' એવા પૂર્વાચાર્યના મહાન સૂત્રનો લોપ જ થઇ જાય. એ વાક્ય તો ચોખ્ખું સ્પષ્ટ કહે છે કે 'અમુક આચાર્યનો આ મત છે, બીજાનો આ મત છે, પણ ખરૂં શું છે તે તો કેવળી પ્રભુજ જાણે.' અને એક રીતે કહીએ તો એજ રસ્તો સર્વોત્તમ પ્રકારનો છે, કેમકે છદ્મસ્થના જોવા જાણવામાં કે વિચારવામાં અવશ્ય ભૂલ થવાનો સંભવ રહે છે. વળી એ વાક્ય વાપરવાથી વાપરનારના હૃદયની નિર્મળતા પણ પ્રગટપણે જણાઇ આવે છે. અત્યાર સુધીમાં જન્મ પામેલી ચર્ચાઓનો અંત શુ ઉપરની રીતથી ન પામી શકાય!

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવભીરૂતા હોય તો જરૂર તેમ બની શકે. એ પણ સૃષ્ટિનો નિયમ દેખાય છે, કે જનતાનો મોટો વર્ગ મધ્યમ પ્રકારનો હોવાથી મધ્યમ રસ્તોજ સર્વાનુકૂળ થઈ પડે. વળી જૈનધર્મના સિદ્ધાન્તોમાંથી એજ સૂર નીકળતો પ્રતીત થાય છે, ઉદાહરણો વા કથાનકોમાં પણ મોટે ભાગે એમજ દ્રષ્ટિગોચર થાય છે કે ફળનો મુખ્ય આધાર સામગ્રી કરતાં ભાવનાપર વિશેષ અવલંબી રહ્યો છે. એકાદ રંક દશા પામેલ મનુષ્યથી લાખેણી આંગી ન પણ રચાવી શકાય, બહુ મૂલ્ય ખરચી ઉત્તમ પ્રકારની સામગ્રી ન પણ લાવી શકાય, છતાં તેનાથી ભાવના તો સર્વોત્તમ પ્રકારની ભાવીજ શકાય. એમાં તો તે ગમે તેવાં ધનાઢ્ય કે અધિકાર અલંકૃત સાથે સ્પર્ધા કરી શકે અને તેમાં વિજયભાગી પણ નિવડે. પરમાર્હત કુમારપાળ નરેશ અને મંત્રીશ્વર ઉદાયનના પૂર્વ ભવના વૃતાન્તો આ વાતની સાક્ષી પૂરે છે, વળી કથાનકોમાંથી એ પણ સાર તરી આવે છે કે 'એક સામાન્ય માત્ર નિયમથી પણ કલ્યાણ પંથે પહોંચી શકાય છે.' ખરી કસોટી તેના દ્રઢતાપૂર્વક પાલનમાં સમાયેલી છે. 'અલ્પ આચરો, પણ જ્ઞાનપૂર્વક અને સ્ખલના વગર આચરો' એજ આગ્રહપૂર્વક ચેતવણી છે. શું હરિબળમચ્છીના ચરિત્રમાંથી ઉપરોક્ત વાતને પુષ્ટિ નથી મળતી? જવાબ હકારમાંજ આપવો પડશે. આ બધા ઉલ્લેખનો આશય એકજ છે કે દલીલપૂર્વક ચર્ચા કરો પણ ન તો તેને લંબાવો કે નતો કડવાશ વધારો; જ્યાં સ્પષ્ટ અર્થ ન દેખાય ત્યાં માત્ર જ્ઞાનીના વચનપર આસ્થા રાખી વર્તો. પવિત્ર ચીજ વાપરવાના ખપી થાઓ. તે ચીજ મળવાના અભાવે સ્વશક્તિઅનુસાર દ્રવ્યથી ચલાવો, છતાં એવું પ્રતિપાદન કદાપિ ન કરો કે 'અમુક આમજ છે.' એમ કહેવું એ નયાભાસ છે. કોઈ વસ્તુમાં એકાંત નથી. કહેનારના આત્માને તેમાં ભાવની વૃદ્ધિ અનુભવાતી હોય તો ભલે પોતાની જાત માટે તે ઉપયોગ ચાલુ રાખે, બાકી મોટા વર્ગ માટે તો ધોરી રસ્તોજ જરૂરી છે. જનતાનો મોટો જથ્થો અનુકરણશીલ હતો, છે અને હોવાનો, તેથી તેમના માટેની પ્રણાલિકા પણ તેવા પ્રકારની યોજાયેલી છે. ધારો કે મારૂં મન પ્રભુના સ્વાભાવિક દર્શનથી આલ્હાદ પામે, અગર તો માત્ર ચંદનની પૂજાથી આનંદ પામે, તેથી મારે આંગી રચનાની જરૂરજ નથી અથવા તો કેશર પૂજા કહીજ નથી, ઇત્યાદિ વાત નંજ કહી શકાય; કેમકે ઘણાકનું તેદ્વારા પણ કલ્યાણ થઇ જાય છે. એ પણ કહેલું છે કે જ્ઞાનીને આશ્રવના કારણ પણ સંવરરૂપે થઈ પડે છે. આજ મુજબ દેવદ્રવ્યનો ચાલુ ઉપયોગ અટકાવી ગોઠવણ ફેરવવા કરતાં સાધારણ ખાતાને પોષણ મળી શકે એવી નવી યોજના ઘડીએ એટલે ચર્ચાનો અંત આવી જાય. પરંપરાને પણ સર્વથા ખોટી તો નજ ગણી શકાય. વળી જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થોડામાંજ મીઠી મઝા છે.

અત્યારે રેશમ આદિની પ્રાપ્તિમાં ઘણું પાપ દેખાય છે છતાં તેના વપરાશ માટે પુસ્તકમાં કહ્યું છે, તેથી એમ નથી માની લેવાનું કે જે વખતે તે વાત લખાઇ હશે તે વેળા પણ તેમાં અત્યારના જેટલુંજ પાપ હશે, કેમકે કીડા માર્યા વગર પણ રેશમ મેળવી શકાય છે. પણ ઘણા જુજ પ્રમાણમાં. આથી એમ નિશ્ચય થાય છે કે વસ્તુનો વપરાશ વધવા સાથે અને ધર્મવૃત્તિના અભાવે પાપ વધે છે.

આ લેખનો આશય એજ છે કે–હવે એ સર્વ ચર્ચાઓને આટોપી લઇ અત્યારે શ્વેતાંબર સમાજ જે કઠીણ દશામાંથી પસાર થાય છે, તેમાં સર્વેનું મન પરોવી લઇએ. વિધાયક કે નિષેધક અગર તો જુનો પક્ષ કે નવિન પક્ષ તે સર્વને માથે અત્યારે એકત્ર થઇ બહારથી થતા હુમલાઓ સામે બચાવ કરવાની ફરજ આવી ચૂકી છે. તેના પાલનમાં જેટલી શિથિલતા થશે તેટલી હાનિ વધુ થશે, અને વિશેષમાં સ્વફરજ ચૂકયાનો દોષ ભવિષ્યની પ્રજા આપણા શિરે મૂકશે.' શું અત્યારે તીર્થસ્થાનોનો સવાલ, ધાર્મિક સાહિત્યનો સવાલ અને કોમની ડામાડોળ સ્થિતિનો સવાલ આપણા માટે પૂરતો નથી કે જેથી બીજા સવાલો ઉપસ્થિત કરીએ ?

**મોહનલાલ. ડી. ચોકસી.**

# तत्त्वार्थनुं रहस्य (વાર્તા રૂપે.)

## ( આમુખ )

**પૂર્ણભદ્ર**—ભાઇ સુમતિ ! તમારી પાસેથી મારે કાંઇક વિશાળ ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા છે; મેં નાનપણમાં તમારી માફક તેવું જ્ઞાન મેળવવા યત્ન ન કર્યો, તે માટે હવે મને દીલગીરી થાય છે, તેથી મને સામાન્ય જ્ઞાન મળે તે રીતે સર્વ બાબતો સમજાવશો તો હું આપનો આભારી થઇશ.

**સુમતિ**-ભાઇ ! મને તો હર્ષ થાય છે કે તમને તેવી અભિલાષા ઉત્પન્ન થઇ. તમને મારી શક્તિ મુજબ જ્ઞાન આપવા પ્રયત્ન કરીશ. જ્ઞાન આપતાં તે કોઇ દિવસ ઘટતું નથી, પણ તે તો દ્રઢજ થતું જાય છે, તેથી તમને જે કાંઇ શીખવવા પ્રયત્ન કરીશ તેથી હું જરૂર કાંઇ વિશેષ મેળવી શકીશ. આમાં આભાર માનવાની જરૂર નથી. કેમકે મિત્રોની ફરજ છે કે અરસપરસ યથાશક્તિ આપ લે કરવી; તેમાં પણ જ્ઞાનની આપ લે કરવી તેના જેવી ઉત્તમ વાત કઇ હોઇ શકે વારૂ ? તેથી કરીને આપણે જે વાત કરીએ તેમાંથી પૂર્ણ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પૂર્ણભદ્ર**-વિશ્વ એટલે શું અને તેનો કોઇ કર્ત્તા, નિયંતા કે સંહારકર્ત્તા છે?

**સુમતિ**-વિશ્વ એટલે સૃષ્ટિ; સમસ્ત લોકમાં વસતી સર્વ પ્રાણીજાતિઓ, તેના ઉપરના અજીવ દ્રવ્યો, સમુદ્ર, સરોવર, ઝરણાં, ખાણના ખનીજ પદાર્થો યુકત જે વસ્તુ તે વિશ્વ. વિશ્વ તે એક કુદરતી રચના છે; જેમ રાત્રીદિવસ, ભરતી ઓટ અને ઋતુઓનું ગમનાગમન આદિ નિયમિત ચાલ્યા કરે છે, તેમ સૃષ્ટિ પણ કુદરતી રચના છે અને તેમાં રહેલ પદાર્થોમાં નિમિત્તયોગે જરૂરી ફેરફાર થયા કરે છે

**પૂર્ણભદ્ર**-તો શું તેના ઇશ્વર કર્ત્તા નથી ?

**સુમતી**-ઈશ્વર કર્ત્તા શી રીતે હોઇ શકે? ઇશ્વર કોણ? દેખાતા સ્થૂલ દેહસહિત જે જીવ છે તે "શુદ્ધ જીવ" નથી; કારણ કે તે જીવ કર્મરૂપી મળથી લેપાયેલ છે. જેમ ખાણમાંથી કાઢેલ કાચું સોનું કચરાસાથે સંબંધવાળું હોય છે, અને તેથી તે દૂર કરવા પ્રયત્ન કરવો પડે છે; તેમ જીવને પણ કર્મરૂપ મળ દૂર કરવો પડે છે. દેખાતા સ્થૂલ દેહવાળો જીવ અનાદિ કાળ ભમી, સમ્યકૃત્વ પ્રાપ્ત કરી, જ્ઞાન દર્શન અને ચારિત્રનું આરાધન કરી, શુદ્ધ અને સર્વ લોકાલોકવ્યાપી એવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરે તે જીવ "શુદ્ધ જીવ" કે ઇશ્વર કહેવાય છે. અને જે જીવ આ રીતે મોક્ષ પ્રાપ્ત કરે તે કર્મમળ દૂર કરવાથીજ મુક્તિ (જન્મ, જરા અને મૃત્યુથી છુટકારો) મેળવી શકે. આવો જીવ સત્ ચિદ્ આનંદ સ્વરૂપ છે. તેને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અવ્યાબાધ સુખ હોય છે. આવો જીવ અનંત વીર્ય (શક્તિ) વાળો હોવા છતાં સૃષ્ટિની રચના કરતો નથી; કેમકે કારણ વગર કાર્ય ન સંભવે, તેથી તેને સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા કે તે રૂપ કારણ એ બેમાંથી કાંઈ નથી. અઢાર દોષ રહિત અને બાર ગુણે સહિત તેવા શ્રી તીર્થંકર પરમાત્મા કે આઠ ગુણ યુકત શ્રી સિદ્ધ પરમાત્મા સૃષ્ટિની રચના કરતા નથી, કેમકે તેઓ રાગવાળા નહિ હોવાથી તેમને તેવી ઇચ્છા નથી, તેમજ દ્વેષ પણ તેમનામાં નથી હોતો, તેથી તેઓ જગત રચીને જીવોને (જન્મ જરા અને મૃત્યુ રૂપ) દુઃખ દેવા નથી ઇચ્છતા.

અન્ય દર્શનીઓ કહે છે કે 'લીલા માટે ઈશ્વર જગતની રચના કરે છે.' તો લીલા તે દોષનું મંદિર છે અને રાગનું ચિન્હ છે. અને સૃષ્ટિ રચનાર જગતની રચના કરે તો તેમાં રહેલ સુખદુઃખ પામતા જીવ ઇશ્વરને ન્યાયી અને અન્યાયી એ નજરથી જુએ. જ્યારે ખરી રીતે તેનામાં રાગ કે અન્યાય છેજ નહિ. કોઇ કહે કે 'ઇશ્વર સર્વ જીવોને એક સરખા ઉત્પન્ન કરે, પછી તેઓ કર્માધીન સુખદુઃખ ભોગવે.' આ પણ સંભવતું નથી; કેમકે સરખા જીવો ઉત્પન્ન થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ઇશ્વરે સર્વને સરખી બુદ્ધિ આદિ આપવી જોઇએ કે જેથી કરીને સર્વ જીવો સરખાજ રહે; જો તે કોઇને સદ્દબુદ્ધિ અને કોઇને દુર્બુદ્ધિ આપે તો તે પક્ષપાતી ઠરે અને પક્ષપાતી હોય તો રાગદ્વેષ સિદ્ધ થાય અને રાગદ્વેષવાળો જે હોય તે ઇશ્વર નજ હોય.

કેટલાક કહે છે કે 'ઇશ્વર અવતાર ધારણ કરે છે.' આ પણ યુક્ત નથી, કેમકે મોક્ષ પ્રાપ્ત કરેલ જીવ અવતાર લે તો મોક્ષરૂપ તત્ત્વજ ન રહે, અને તેની પ્રાપ્તિ અર્થે થતાં તપ, સંયમ, ચારિત્ર આદિ અનુષ્ઠાન (ક્રિયા) પણ અનુપયોગી થઇ પડે. આમ હોવાથી અને સૃષ્ટિપરના સર્વ ધર્મો મુક્તિનો સિદ્ધાંત સ્વીકારતા હોવાથી ઇશ્વર અવતાર લે તે સત્ય છે જ નહિ. અને જો જીવની શરૂઆત ગણવામાં આવે તો એક વખત એવો હોવો જોઇએ કે સૃષ્ટિ જીવથી ખાલી થયેલ હોય એટલે સૃષ્ટિના સર્વ જીવો મોક્ષ પામેલ હોય, અને તેવી ખાલી થયેલ સૃષ્ટિમાં જીવની જે શરૂઆત (રચના) કરવામાં આવે તેજ મોક્ષનો સિદ્ધાંત (જન્મ, જરા મૃત્યુથી છુટકારો) તોડે; જે તદન અયુક્ત છે.

આમ યુક્તિપૂર્વક વિચાર કરતાં સિદ્ધ થાય છે કે 'સૃષ્ટિ કે વિશ્વનો કોઈ કર્ત્તાજ નથી અને તેથીજ તેનો કોઈ નિયંતા કે સંહારકર્તા પણ નથીજ; તેથી સૃષ્ટિ એક નિત્ય એવી કુદરતની રચના છે.'

**પૂર્ણભદ્ર**–તમારી યુક્તિ તો ટુંકી પણ બુદ્ધિપૂર્વક છે અને માનનીય પણ છે.

**સુમતિ**–મેં ઉપરનું સ્થિતિસ્વરૂપ બતાવ્યું તે દ્રવ્યાર્થિક નય (નિશ્ચય નય) અનુસાર છે; પણ વિશ્વની અંદરના જીવ અજીવ આદિ તત્ત્વો–પદાર્થોનો વ્યવહાર નયથી વિચાર કરીએ તો તેમાં ઉત્પત્તિ (ઉત્પાદ), વ્યય (નાશ) અને ધ્રાવ્ય (અસ્તિત્વ) દરેક પદાર્થમાં હોવાથી વ્યવહાર નય ઉત્પત્તિ અને નાશ રૂપ પર્યાય (ફેરફાર) સિદ્ધ કરે છે. જ્યારે નિશ્ચય નય અસ્તિત્વ સિદ્ધ કરે છે.

**પૂર્ણભદ્ર**–એ બધું તો ઠીક, પણ ઉપરની બાબતમાં તમે તત્ત્વ અને મોક્ષ આદિ શબ્દ વાપર્યા તેનું રહસ્ય સમજાવશો.

**સુમતિ**–સંસારના જીવોને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ તે ફરજરૂપ છે. આ ચારમાં પણ મોક્ષ પ્રધાન છે. મોક્ષ એટલે ભવનો અંત અથવા જન્મ, જરા અને મૃત્યુથી છુટકારો–એટલે આધિ (માનસિક ચિંતા), વ્યાધિ (રોગાદિ દુ:ખ) અને ઉપાધિ (વ્યવહારની ચિંતા) થી છુટકારો. અત્યારના પુદ્ગલના સુખમાં રાચેલ જીવ અર્થ અને કામમાં રચ્યાપચ્યા રહેવાનું ઇચ્છે છે અને તેને અંગે દંભ અને સુખશીલીયાપણું વધતું જોઇએ છીએ અને તેથી પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ અર્થે અનેક આરંભ સમારંભ પણ કરે છે. જ્યારે ધર્મ અને મોક્ષ તે આધ્યાત્મિક સુખરૂપ છે; ધર્મ તે મુક્તિપ્રાપ્તિમાં સાધનભૂત છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધ્યાત્મિક સુખ ઇચ્છતો જીવ મોક્ષ મેળવવા તલસે છે અને તેનેજ માટે મોક્ષનો માર્ગ છે. તત્ત્વની બાબત પછી તરતજ આવશે, તેથી પ્રથમ મોક્ષનો માર્ગ કયો! તેનો વિચાર કરવો યોગ્ય છે. (ચાલુ) **ચીમનલાલ દ. શાહ.**

# पुस्तको विगेरेनी पहोंच.

**૧ શ્રી દયાપ્રચારિણી મહાસભા–અમદાવાદનો ત્રીજા વર્ષનો અહેવાલ.**

આ સંસ્થાની સ્થાપના સને ૧૯૨૦માં થયેલી છે. કાર્યવાહકો ઝવેરી મોહનલાલ મગનભાઈ અને મણીલાલ નથુભાઈ દોશી વિગેરે ઉત્સાહી છે. રિપોર્ટ વાંચતાં તેમનો પ્રયાસ પ્રશંસાપાત્ર છે. કેટલીક બાબતમાં ફતેહ સારી મેળવી છે. છેવટે દાંતાનરેશને વિનંતિ કરીને અંબાજીના મંદિરમાં થતો પશુવધ બંધ કરાવ્યો એ કામ તો ઘણુંજ પ્રશંસાપાત્ર કર્યું છે, તે સંબંધમાં દાંતાનરેશને આપેલ માનપત્રની નકલ પણ અંદર સામેલ છે. આ ખાતાને આર્થિક મદદની આવશ્યકતા છે અને તે પ્રકારની સહાય તેને કરવી એ દરેક દયાળુ મનુષ્યનું કર્તવ્ય છે. જો કે અમદાવાદમાં એવા શ્રીમંતો છે કે તે ધારે તો આવા અનેક ખાતાં એક હાથે ચલાવી શકે. આશા છે કે તેઓ પણ આ વિનંતિ ધ્યાનમાં લેશે, અને અન્ય ગૃહસ્થો પણ ધ્યાન આપશે. અમે એ દયાપરાયણ ખાતાની પ્રગતિ ઇચ્છીએ છીએ અને તન મન ધનનો ભોગ આપનારા તે ખાતાના કાર્યવાહકોને ધન્યવાદ આપીએ છીએ.

**૨ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ. પાલીતાણાનો સં. ૧૯૭૬ના શ્રાવણ શુદિ ૧ થી સં. ૧૯૭૮ ના આસો વદ ૦)) સુધીનો હીસાબ તથા રિપોર્ટ.**

આ રિપોર્ટ ખાસ વાંચવા લાયક છે. તેની અંદર એ ગુરૂકુળને લગતી તમામ બાબતો સમાવેલી છે. આવા ગુરૂકુળની દરેક શહેરમાં ખાસ આવશ્યકતા છે. તેના કાર્યવાહકોનો પ્રયાસ સ્તુતિપાત્ર છે. ગુરૂકુળ માટે ખાસ મકાન બંધાવવામાં પચાસ હજાર જેટલો મોટી રકમનો ખર્ચ કર્યો છે. તે ખાતે આવક થોડી થઇ છે, તે વધારવાના પ્રયત્નમાં છે. મકાન સુંદર બંધાયેલ છે ને સારા હવાપાણી વાળી જગ્યામાં બંધાયેલ છે. હાલ ૬૦ બોર્ડરો તેનો લાભ લે છે. અભ્યાસ પણ ત્યાંજ કરાવવામાં આવે છે. પરીક્ષાનું પરિણામ સંતોષકારક છે, ધાર્મિક ફરજો બહુજ ઉત્તમ પ્રકારની રાખેલી છે. તે પ્રમાણે અમલ થયાજ કરે એ ઇચ્છવા યોગ્ય છે. રાજ્યની પણ આ ખાતા તરફ સુદૃષ્ટિ છે. અમે એ ખાતાની ઉન્નતિ ઇચ્છીએ છીએ અને તે ખાતાને યોગ્ય રીતે સહાય આપવાની દરેક જૈન બંધુઓની ફરજ છે એમ સૂચવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૩ શ્રી મહુવા યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમનો સં ૧૯૭૬ થી સં ૧૯૭૯ સુધીનો ત્રણ વર્ષનો રિપોર્ટ.

આ રિપોર્ટ પણ ખાસ વાંચવા લાયક છે. શ્રી મહુવાના જૈનોએ આ કાર્યમાં પ્રશંસાપાત્ર પ્રયાસ કરેલો છે. એ ખાતાના ઉત્પાદક સ્વ૦ શ્રીવિજયધર્મસૂરિજીનો અંદર ફોટો આપેલો છે. એમનો સ્વર્ગવાસ થવાથી આ ખાતાને એક સારા સહાયકની ખામી આવી પડી છે, પરંતુ આ જગતમાં કોઇ અમર છે જ નહીં, તેથી કાર્યવાહકોએ પોતાના પયત્નમા મચ્યા રહેવાનીજ જરૂર છે. આ ખાતાનો લાભ હાલ ૩૫ બોર્ડરો લે છે. રિપોર્ટની અંદર અનેક બાબતો સમાવેલી છે. ખાસ મદદગાર શેઠ કશળચંદ કમળશી છે. એ ગૃહસ્થ ઉદારતા માટે મશહુર છે. ધાર્મિક અભ્યાસ પણ કરાવવામાં આવે છે. પાછળ આપેલા વીઝીટરોના અભિપ્રાયો વાંચવા લાયક છે. આ સંસ્થા અત્યારે સારી સ્થિતિમાં છે અને વળી તેને સંપૂર્ણ કરવાની પ્રતિજ્ઞા કરનાર ગૃહસ્થની સહાયથી વધારે સારી સ્થિતિમાં આવનાર છે. આ ખાતાની અમે ઉન્નતિ ઇચ્છીએ છીએ. મહુવાના જૈન ગૃહસ્થોને શૃંગાર રૂપ આ ખાતું છે. દરેક શુભ પ્રસંગે મદદ આપવા લાયક છે.

## ૪ શ્રીમુંબઇ જૈન સ્વયંસેવક મંડળનો રિપોર્ટ. સં ૧૯૭૭ના ભાદ્રપદ શુદિ ૧ થી સં ૧૯૭૯ના ભાદ્રપદવદિ ૦)) સુધીનો.

આ મંડળની સ્થાપના સંવત. ૧૯૭૬ ના ભાદ્રપદ શુદિ ૧ મે શ્રી વિજયધર્મસૂરીને હાથે થયેલી છે. આ મંડળે માત્ર મુંબઇમાંજ નહીં પણ અનેક સ્થળોએ જઇને શ્રી સંઘની સેવા બજાવી છે. રિપોર્ટમાં ત્રણ વર્ષમાં કરેલી સેવાઓનું લીસ્ટ આપ્યું છે. શ્રી શત્રુંજયના મેળા ઉપર પણ ત્યાં આવીને સેવા બજાવે છે. આ મંડળ સાથે મુંબઇના બીજા બે ત્રણ સ્વયંસેવકમંડળો પણ ભાગ લે છે. મંડળનું કાર્ય પ્રશંસાપાત્ર તેમજ અનુમોદન યોગ્ય છે. અમે તે મંડળની પ્રગતિ ઇચ્છીએ છીએ.

## ૫ શ્રી નવતત્ત્વ વિસ્તરાર્થ.

### યંત્ર-પરિશિષ્ટ-ટિપ્પણ્યાદિ વિભૂષિત.

આ બુક દ્રવ્યાનુયોગના અભ્યાસીને-ઇચ્છકને ખાસ વાંચવા લાયક બહાર પડી છે. ધુરંધરાચાર્ય શ્રી વિજયનેમિસૂરિના શિષ્ય આચાર્ય શ્રી વિજયોદય સૂરિએ એમાં ઘણો પ્રયાસ કર્યો છે. પોતાના બહોળા જ્ઞાનનો એદ્વારા જૈનવર્ગને લાભ આપ્યો છે. શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા દ્વારા શાહ જેશીંગભાઇ કાળીદાસ શેરદલાલે પ્રકાશિત કરેલ છે. કિંમત રૂા. ૪) રાખેલ છે, તે જરા વધારે જણાય છે. બુકના આરંભમાં ઉપર જણાવેલા બંને મહાત્માના ફોટા મૂકેલા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એની નોટ વિગેરેમાં અનેક ઉપયોગી બાબતો સમાવેલી છે. પ્રાંતે ૧૪૧ ગાથાના નવતત્ત્વ આપેલા છે, તે ખાસ કંઠે કરવા લાયક છે. આ બુકની જેટલી પ્રશંસા કરીએ તેટલી થોડી છે, કારણ કે અમને તે ખાસ બહુ ઉપયોગી લાગી છે. બને તો કિંમત ઘટાડવા પ્રકાશકને અમારી વિનંતિ છે કે જેથી ઘણા તેનો લાભ લઇ શકે.

## ૬ રેખા દર્શન [ દેવ પુષ્પ-૨ ]

આ બુક હાલમાંજ પંન્યાસજી દેવવિજયજી મહારાજની તૈયાર કરેલી રાણપુરનિવાસી શેઠ વાડીલાલ પુરૂષોત્તમે પોતાની સદ્ગત પત્ની કસ્તુરબાઇના શ્રેયાર્થે આર્થિક સહાય આપીને છપાવી છે. કિંમત રૂા. ૧) રાખેલ છે, તે જરા વધારે લાગે છે, પરંતુ અંદરનો પ્રયાસ જોતાં વધારે નથી.

આ બુકમાં પુરૂષ ને સ્ત્રીના હાથની રેખાઓ જોવા સંબંધી ઘણો વિસ્તીર્ણ ઉલ્લેખ છે. પ્રારંભમાં પં. કેશરવિજયજી ને પં. દેવવિજયજીના ફોટા તથા રેખાવાળો હાથ આપેલો છે. આ બુક બનાવવામાં તેના કર્ત્તાએ શ્રીઅંગવિદ્યા પયન્ના વિગેરે અનેક સૂત્ર ને ગ્રંથોની સહાય લીધી છે. એનું ઉપયોગીપણું પ્રસ્તાવનામાં ઠીક સિદ્ધ કર્યું છે. અંદર આપેલી સ્ત્રી પુરૂષોના અંગોપાંગ સંબંધીની હકીકત એક મુનિદ્વારા નીકળે તે વાંચનારને જરા આશ્ચર્ય પમાડે તેવું છે, તેમ અમને લાગ્યું છે. બાકી આ બુક વાંચવા સમજવા લાયક છે.

## ૭ कलिकालनु कल्पवृक्ष.

## શ્રી વર્ધમાન તપ આયંબિલ ખાતું. મુંબઇનો રિપોર્ટ.

આ ખાતું શ્રી આદીશ્વરજીના દેરાસર પાસેની ધર્મશાળામાં ખોલવામાં આવ્યું છે. તેનો સં. ૧૯૭૭ માં થયેલી શરૂઆતથી સં. ૧૯૭૯ ના જેઠ બીજા વદ ૦)) સુધીનો રિપોર્ટ મળ્યો છે. તેમાં સંવત ૧૯૭૮ ના જેઠ શુદિ ૧ થી ચોદ માસનો હીસાબ છે. એટલા વખતમાં (૧૪ માસમાં) આયંબિલ ૭૪૪૧ થયા છે. અને ખર્ચ રૂ ૩૪૦૦) થયો છે. કાર્યવાહકોના પ્રયાસથી ફંડ બહુ સારૂ થયેલ છે. રૂ ૩૩૩૯૬) નું સ્થાયી ફંડ થયેલ છે, ત્યારપછી પણ વધ્યું હશે. મોટી મોટી તિથિઓ માટે અમુક રકમ ઠરાવી છે, કે જેના વ્યાજમાં કાયમ તેના નામથી આયંબિલ કરાવાય. તેમાં ૧૭ નામ નોંધાયા છે અને રૂ ૧૧૩૦૦) ની કબુલાત મળી છે. કાર્યના આગેવાનો શેઠ ગોવિંદજી ખુશાલદાસ, વેણીચંદ સુરચંદ, પ્રેમજીભાઇ નાગરદાસ અને સોમચંદ ઓતમચંદ વિગેરે છે. તેમણે તન મન ધનનો ભોગ સારો આપ્યો છે, અને મદદ પણ સારી મેળવી છે. રિપોર્ટ વાંચવા લાયક છે. પોતપોતાના ગામ કે શહેરમાં એવું ખાતું ખોલવામાં પ્રેરક થાય તેવો છે. આ ખાતાના સેક્રેટરી પટવા ચીમનલાલ જેશંગભાઈ છે. અમે તે સર્વને ધન્યવાદ આપીએ છીએ અને તે ખાતાની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री अंतरीक्षजी जैन मंदिर केसनो चुकादो.

## श्वेताम्बरी जैनोनो कायम करवामां आवेल मालीकी हक.

શ્રી જૈન એસોસિએશન ઓફ ઇન્ડીયાના ઓનરરી સેક્રેટરીઓ જણાવે છે કે 'આકોલા પાસે આવેલા શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથ મંદિરની માલીકી તથા વહીવટી હક તથા બીજી તકરારો સંબંધી શ્વેતામ્બર તથા દિગમ્બર જૈનો વચ્ચે જે કેસ ચાલતો હતો, તે કેસમાં નીચલી કોર્ટના ચુકાદા ઉપર શ્વેતામ્બરોએ નાગપુર હાઈકોર્ટમાં કરેલી અપીલનો ચુકાદો શ્વેતામ્બરોની તરફેણમાં તે કોર્ટના જડજો મેસર્સ કોટવાળ અને પ્રીડેકસે આપ્યો છે.' ચુકાદાનો સાર નીચે મુજબ છે.

" નીચલી કોર્ટના હુકમનામાની સામે વાદીઓ તરફથી આ કોર્ટમાં જે વાંધાઓ ઉપર ભાર મૂકયો છે તે એ છે કે શ્વેતામ્બરોને મંદિરની એકલા વ્યવસ્થા કરવાનો હક છે, એવી રીતે દલીલ કરતા શ્વેતામ્બર વાદીઓને ખોટી રીતે બંધ કરવામાં આવ્યા હતા અને કંદોરો વિગેરે પાછું કરવાના સંબંધમાં તેમને મળેલા જે હુકમની રૂઇએ મનાઇ કરવામાં આવી હતી તે સ્પષ્ટ નથી, દિગમ્બરીઓનો ૧૯૦૫ માં થયેલી ગોઠવણ મુજબ દેરામાં પૂજા કરવાનો હક અંહીં સ્વીકારવામાં આવેછે. બીજું એ પણ કબુલ થયું છે કે અહીંઆ આ કેસમાં ખરેખરો સવાલ એકલી માલીકીનો નથી પણ વહીવટ કરવાના હકનો છે. અને તે પ્રમાણે જાહેર કરવામાં આવે તો વાદીઓને સંતોષ થશે. કંદોરો વિગેરે ફરીથી કરવાનું કામ કેવી રીતે અમલમાં મૂકવું તે સંબંધમાં અમુક સૂચના આપવાની અમે જરૂર ધારતા નથી. અમે એમ જાહેર કરીએ છીએ કે શ્વેતામ્બરીઓને કસબા શીરપુર મધ્યેના દહેરાનો અને શ્રી અંતરીક્ષ પારસનાથજી મહારાજનાં કટીસૂત્ર ( કંદોરા ) અને લેપ સાથેની મૂર્તિનો એકલા વ્યવસ્થા (મેનેજમેન્ટ) કરવાનો હક છે અને ચક્ષુ ટીકા અને મુગટ સાથેની તે મૂર્તિને પૂજવાનો તેઓને હક્ક છે, અને તેઓના રીવાજ મુજબ તેના ઉપર આભુષણો ચઢાવવાનો હક છે. દિગમ્બરીઓને ૧૯૦૫માં થયેલી ગોઠવણ મુજબ તે મૂર્તિને ચક્ષુ ટીકા અને મુગટ અથવા આભૂષણ વગર પૂજવાનો હક છે, પરંતુ તેઓએ આભૂષણો ઉતારવાના નથી અથવા કછોટા કટીસૂત્ર અને લેપની છેડછાડ કરવાની નથી અને અમે જાહેર કરીએ છીએ કે શ્વેતામ્બરી કોમને મૂર્તિને અસલ સ્વરૂપમાં લાવતાં અને તેને કછોટા, કટીસૂત્ર અને લેપથી હમણા અથવા હવે પછી પણ વિભૂષિત કરતાં અટકાવવામાં દિગમ્બરી કોમને હંમેશને માટે પ્રતિબંધિત કરવામાં આવે છે. નીચલી કોર્ટનું હુકમનામુ ફેરવીને ઉપર મુજબનું હુકમનામું કરવામાં આવે છે. સામા પક્ષના વાંધાઓ કાઢી નાંખવામાં આવે છે. ખર્ચના સંબંધમાં અમો ધારીએ છીએ કે દરેક પાર્ટીએ પોતે પોતાનો ખર્ચ ભો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો.

**સ્થંભ ૪–વ્યાખ્યાન ૬૧**

આની બીજી આવૃત્તિ બહાર પડેલ છે. કિંમત રૂ. ૨) રાખેલ છે.

## શ્રી વિજયચંદ્ર કેવળી ચરિત્ર ભાષાંતર.

[અષ્ટપ્રકારી પૂજા ઉપર ૮ કથા યુક્ત]

આ બુકની પણ બીજી આવૃત્તિ બહાર પડેલ છે. કિંમત રૂ ૦–૮–૦

---

## નીચેજણાવેલી બુકો પણ અમારે ત્યાં મળશે.

### ભાવનગર–જૈન સસ્તી વાંચનમાળાની.

| | |
|---|---|
| ૧ શ્રી મહાવીર પરમાત્માના દશ શ્રાવકો | ૧–૪–૦ |
| ૨ શ્રી કુમારપાળ મહારાજા અને હેમચંદ્રાચાર્ય | ૧–૪–૦ |
| ૩ મુક્તિમાર્ગ દર્શક—ભક્તિમાળા | ૦–૮–૦ |
| ૪ ચંદનબાળા મહાસતીનુ ચરિત્ર | ૦–૩–૦ |

### ૫ શ્રી અભયકુમાર મંત્રીશ્વરનું ચરિત્ર.

**વિભાગ ૨ જો**

લેખક ને પ્રકાશક શા. મોતીચંદ ઓધવજી ભાવનગર

કિંમત રૂ ૩)

### શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે તૈયાર કરી છપાવેલ

૬ સંસ્કૃત સ્વયંશિક્ષક કિંમત રૂા. ૧–૪–૦

આ છયે બુકો દશ અથવા વધારે મંગાવશે તેમને યોગ્ય કમીશન આપવામાં આવશે.

તંત્રી.

---

### વાર્તાના રસિયા માટે નાના નાના ચરિત્રો

| | | | |
|---|---|---|---|
| ૧ જય વિજય કથા. | ૦–૩–૦ | ૨ કળાવતી વિગેરેની કથા. | ૦–૩–૦ |
| ૩ શુકરાજ ચરિત્ર. | ૦–૪–૦ | ૪ સરસ્વતી વિગેરેની કથા. | ૦–૪–૦ |
| ૫ સુરપાળ વિગેરેની કથા. | ૦–૩–૦ | ૬ યશોધર ચરિત્ર. | ૦–૬–૦ |
| ૭ બાર વ્રત ઉપર ૧૨ કથા. | ૦–૪–૦ | ૮ છ મોટી કથા. | ૦–૩–૦ |
| ૯ તેર કાઠીયાની કથા. | ૦–૩–૦ | ૧૦ ચંપક શ્રેષ્ઠી ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૧ રતિસાર ચરિત્ર. | ૦–૩–૦ | ૧૨ વત્સરાજ ચરિત્ર. | ૦–૩–૦ |
| ૧૩ નળ દમયંતી ચરિત્ર | ૦–૩–૦ | ૧૪ સ્થૂળભદ્ર ચરિત્ર | ૦–૩–૦ |
| ૧૫ સુરસુંદરી ચરિત્ર. | ૦–૩–૦ | ૧૬ ભુવનભાનુ કેવળી ચરિત્ર. | ૦–૬–૦ |

૧૬ ચરિત્રો એક સાથે લેનારના રૂા. ૩) લેવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. ભાગ ૪ થો. સ્થંભ ૧૯થી૨૪.**

કિંમત ત્રણ રૂપીયા.

આ ભાગ હાલમાં બહાર પડ્યો છે. એમાં એ ગ્રંથ પૂર્ણ થયો છે. એની મદદ બીલકુલ મળેલી નથી, છતાં અનેક સંસ્થાઓને તેમજ મુનિમહારાજને ...ઓને ભેટ અપાયેલ છે. જે મંગાવે તે સર્વને ભેટ આપવાના સંબંધમાં ...ય છીએ. લાઇફ મેમ્બરનો કિંમતમાં એક રૂપીયો ઓછો લેવામાં ... છે. પોસ્ટેજ આઠ આના લાગે છે. બહુજ ઉપયોગી છે.

**ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર દશે પર્વ મળી શકે છે.**

**દરેક જૈન બંધુએ અવશ્ય રાખવા લાયક છે.**

ભાગ ૧ લો. પર્વ ૧–૨. શ્રી ઋષભદેવ–અજિતનાથ ચરિત્ર. ૩–૪–૦

ભાગ ૨ જો. પર્વ ૩ થી ૬. શ્રી સંભવનાથજીથી મુનિસુવ્રત સ્વામી સુધીના ચરિત્રો. ૨–૪–૦

ભાગ ૩ જો. પર્વ ૭–૮–૯. જૈન રામાયણ અને ૨૧–૨૨–૨૩ મા પ્રભુના ચરિત્રો. ૪–૦–૦

ભાગ ૪ થો. પર્વ ૧૦ મું. શ્રી મહાવીર સ્વામી ચરિત્ર. ૨–૮–૦

ચારે વિભાગ સાથે મંગાવનાર પાસેથી રૂ. ૧૧) લેવામાં આવશે.

પરિશિષ્ટ પર્વ ભાષાંતર પણ આના સંબંધવાળુંજ છે. તેમાં શ્રી જંબૂસ્વામીનું ચરિત્ર ૧૯ કથાઓ સાથે અને બીજા આચાર્યોનાં ચરિત્રો છે. ૧–૮–૦

**શ્રી પ્રિયંકર નૃપ ચરિત્ર ભાષાંતર.**

આ શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ ઉપર આપેલું ચરિત્ર છે. તેની આ બીજી આવૃત્તિ છે. બહુ રસિક છે. વાંચવા માંડ્યા પછી પૂરૂં કર્યા શિવાય મૂકાય તેમ નથી, પ્રાંત ભાગમાં વધારે ગાથાના ઉવસગ્ગહરં આપેલા છે. કિંમત છ આના રાખેલ છે. પોસ્ટેજ ૦–૧–૬

**પ્રતિક્રમણના હેતુ.**

પ્રતિક્રમણ કરનાર દરેક બંધુઓએ–શ્રાવકોએ તેમજ શ્રાવિકાઓએ ખાસ વાંચવા લાયક છે. તે વાંચ્યા પછી પ્રતિક્રમણ કરવામાં જુદોજ ભાવ પ્રગટ થાય છે. પ્રતિક્રમણની અંદરના સૂત્રોના અર્થ જાણનારને આ બુક વાંચતાં બહુ આલ્હાદ થાય તેમ છે. આવી ઉપયોગી બુક સાધુ સાધ્વીઓએ પણ જેઓ એ ગ્રંથ વાંચી ન શકે તેમણે વાંચવા યોગ્ય છે. કિંમત આઠ આના. પોસ્ટેજ એક આનો.

**શ્રી ઉમરાળા પાંજરાપોળ લોટરી. હેડ ઓફીસ–ભાવનગર.**

**સ્વાર્થ સાથે પરમાર્થ સાધો.**

... ભાવનગરની નામદાર કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનની ખાસ પરવાનગીથી. બીજું ડ્રોઈંગ તા. ૬-૩-૪-૧૮ રામનવમીના રોજ નીકળશે. ટીકીટ ૧૨૫૫૦. એક ટીકીટની કિંમત રૂ ૧). ઈનામોની સંખ્યા ૭૨૬ છે. મોટું ઈનામ રૂ. ૧૫૦૦) નું છે. ... ... ... ... ...